# મુસ્લિમ પર્સનલ લૉ
# અને
# સમાન સિવિલ કૉડ

લે. મૌલાના શમ્સ પિરઝાદા

• અનુવાદ •

મુહમ્મદ જમાલ પટીવાલા

# અનુક્રમણિકા

# પ્રકાશક તરફથી

મુસ્લિમ પર્સનલ લૉનો પ્રશ્ન ભારતીય મુસલમાનો માટે પ્રાણ-પ્રશ્ન છે. રહી-રહીને આ મામલો રાજકીય નેતાઓ અને સરકારના જવાબદારોની જીભ ઉપર આવતો રહે છે અને નિરંતર એવા અવાજો સાંભળવા મળે છે કે મુસ્લિમ પર્સનલ લૉમાં ફેરફાર કરવામાં આવે. જો કે હાલ એવું પ્રતીત થાય છે કે સરકાર આ મામલામાં કોઈ હસ્તક્ષેપ કરવા માગતી નથી અને એવું ઇચ્છે છે કે મુસ્લિમ પર્સનલ લૉમાં ફેરફાર સ્વયં મુસલમાનોની માગણીના પરિણામે થાય. પરંતુ વિશેષતઃ ભાજપ અને અન્ય સાંપ્રદાયિક સંગઠનોનો એ પ્રયાસ હંમેશા રહ્યો છે કે આ પ્રકારના પર્સનલ લૉને નાબૂદ કરીને સમાન સિવિલ કોડ લાગૂ કરી દેવામાં આવે. આ પ્રયાસો હેઠળ કેટલાક મુસલમાનોએ વ્યક્તિગત રીતે અને મુસ્લિમ જૂથોએ સામૂહિક રૂપે કથિત પ્રગતિશીલતા અને મોડર્નિઝ્મના નામે મુસ્લિમ પર્સનલ લૉમાં ફેરફારની માગણી કરવા માંડી છે. આવા પ્રયાસો પણ વિઘ્નસંતોષી લોકોનું એક ષડયંત્ર જ છે. સમયાંતરે ભારતની અદાલતો પણ જુદા-જુદા કેસો અંતર્ગત આ વિશે ચુકાદાઓ અને અભિપ્રાયો આપતી રહી છે, જે ક્યારેક મુસ્લિમ પર્સનલ લૉથી વિરોધાભાસી હોય છે.

તેના સામે ઑલ ઇન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ, ભારતના આલિમો અને મુસ્લિમ સામાજિક-રાજકીય આગેવાનો સામૂહિક રૂપે અને વ્યક્તિગત રીતે વારંવાર એ વાત જાહેર કરતા રહે છે કે મુસલમાનોના દીની (ધાર્મિક), સાંસ્કૃતિક અને સામાજિક જીવન સાથે મુસ્લિમ પર્સનલ લૉનો સંબંધ ખૂબ જ ગાઢ છે. તેથી સરકાર તરફથી કરવામાં આવતા ફેરફારો મુસલમાનો માટે કદાપિ સ્વીકાર-યોગ્ય નહીં હોય.

આ સંજોગોમાં મુસલમાનોએ પણ સમજવું પડશે કે ખરેખર આ સમસ્યા શું છે ? તેમાં ઇસ્લામી શરીઅતના કયા-કયા મામલાઓ સામેલ છે ? ભારતમાં તેની ઐતિહાસિક પશ્ચાદભૂમિ શું છે ? અને સ્વયં ઇસ્લામમાં આ મામલાઓનું મહત્ત્વ શું છે ? તેના સામે કયા જોખમો છે અને તેનો સામનો કેવી રીતે કરી શકાય ? આના જવાબો ખૂબ અગત્યના છે.

પ્રસ્તુત નાનકડા પુસ્તકમાં વિદ્વાન લેખકે, સમગ્ર વિષય અને ચર્ચાને સંક્ષિપ્તમાં, પણ વિગતવાર સમજાવવાનો પ્રયાસ કર્યો છે, જેનાથી મુસ્લિમ પર્સનલ લૉ અને સમાન સિવિલ કોડના વિવાદને અને મુસ્લિમોના સ્ટેન્ડને સમજવામાં સરળતા રહેશે.

**ડૉ. શકીલ અહમદ**
ચેરમેન, ઇસ્લામી સાહિત્ય પ્રકાશન-ગુજરાત

# પ્રસ્તાવના

મુસ્લિમ પર્સ્નલ લૉનો પ્રશ્ન જેટલા જોરશોરથી ઉભરીને સામે આવી ગયો છે, અને તેણે વ્યગ્રતા અને વ્યથા તથા બેચેનીની જે સ્થિતિ મુસલમાનોમાં પેદા કરી દીધી છે, તેને જોઈને એ લોકો, જેમને હંમેશા નવીનતાનો શોખ છે અને જેઓ નવીન સભ્યતાના આશિકો છે, એવું વિચારવા લાગે છે કે આ પ્રશ્નને બિનજરૂરી મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે અને તેમનું બેચેન થવું સાચું નથી, બલ્કે તેમની બેચેનીનું કારણ કેવળ તેમની રૂઢિવાદિતા અને જુનવાણીપણું અને પોતાના ધર્મથી જરૂરતથી વધારે લગાવ છે. તેઓ એવું માને છે કે જીવનના સામાજિક વિભાગે પણ એ જ રીતે ધર્મથી સ્વતંત્ર હોવું જોઈએ, જે રીતે રાજકારણ અને આર્થિક ક્ષેત્રને સ્વતંત્ર કરી દેવામાં આવેલ છે. જે સેક્યુલરિઝ્મ (ધર્નિરપેક્ષતા)ની ધાક રાજકારણ અને આર્થિક જગતમાં બેસાડી દેવામાં આવી છે, તે 'ઘર'માં પણ બેસાડવી જોઈએ.

આ વિચાર ધરાવતા લોકો ઈસ્લામને પણ અન્ય ધર્મોની હરોળમાં મૂકે છે. ઈસ્લામ અલ્લાહે અવતરિત કરેલ દીન (ધર્મ) છે અને એક સંપૂર્ણ જીવન-વ્યવસ્થા છે, તેની આ હેસિયત તેમની બુદ્ધિમાં હજુ સમાઈ શકી નથી. તેમના નજીક ઈસ્લામના સામાજિક કાનૂનો ભલે ને અલ્લાહ તરફથી અવતરિત કરવામાં આવ્યા હોય, તેમાં ફેરફારનો અધિકાર માનવીને હોવો જ જોઈએ. વળી, એવા લોકોની સંખ્યા પણ ઓછી નથી, જેમને મુસ્લિમ પર્સનલ લૉ વિશે કોઈ માહિતી નથી. મુસ્લિમ પર્સનલ લૉની હિમાયતમાં જ્યારે મુસલમાનો અવાજ ઉઠાવે છે અને તેમાં હસ્તક્ષેપના પ્રયાસોનો વિરોધ કરે છે, તો આવા જ કેટલાક લોકો તેને અકારણ હોબાળો ઠેરવવા લાગે છે. તેમના નજીક મુસ્લિમ પર્સનલ લૉનો અર્થ માત્ર એકથી વધારે લગ્ન કરવાની છૂટછાટનો કાનૂન છે. તેઓ કહે છે કે એક પત્નીની હયાતીમાં બીજા લગ્ન કરવાની છૂટ ઈસ્લામે ન્યાયની શરત સાથે આપી છે અને આ કેવળ છૂટ છે, આદેશ નથી, તેથી જો એકથી વધારે લગ્નનો કાયદો બનાવવામાં આવે છે તો તેનાથી 'શરીઅત'ને શું નુકસાન થઈ જવાનું છે ? તેમની દૃષ્ટિએ મુસ્લિમ પર્સનલ લૉને સમાપ્ત કરવા અને સમાન સિવિલ કૉડને લાગુ કરવામાં કંઈ ખોટું નથી, કેમ કે તેમના મતે આ ફેરફાર લગ્ન-વિવાહના મર્યાદિત

મામલાઓ સુધી જ હશે. આ લોકોને ન તો મુસ્લિમ પર્સનલ લૉના ક્ષેત્રનું સાચું અનુમાન છે, અને ન સમાન સિવિલ કૉડના ક્ષેત્રનું. ન તો તેઓ મુસ્લિમ પર્સનલ લૉના દીની (ધાર્મિક) મહત્ત્વને સમજી શકે છે અને ન તેમને એ વાતનો અંદાજ છે કે સમાન સિવિલ કૉડ (Common Civil Code)ના પરિણામે ઇસ્લામી શરીઅતના કયા-કયા સિદ્ધાંતો અને આદેશો ફેરફાર અને સંશોધનના ભોગ બનશે ? તેથી જરૂરી લાગે છે કે મુસ્લિમ પર્સનલ લૉ અને તેના મહત્ત્વને સ્પષ્ટ કરવામાં આવે અને સમાન સિવિલ કૉડના ઘડતર અને તેને લાગુ કરવાની નોબત આવી જાય તો તેના રૂપરંગ કેવા હશે અને તે મુસલમાનો માટે કેવી-કેવી સમસ્યાઓ અને કેટલી બધી પરેશાનીઓનું કારણ હશે. તેથી તેમની આ આશંકા તેમજ વ્યગ્રતા, વ્યથા અને બેચેની ખોટી નથી, બલ્કે જે દીન (ધર્મ)ના તેઓ અનુયાયી છે, તેના પર ઈમાન (વિશ્વાસ)નો આ સ્વભાવિક તકાદો છે.

# મુસ્લિમ પર્સનલ લૉ શું છે?

ભારતમાં મુસ્લિમ પર્સનલ લૉનો ઇતિહાસ ટૂંકમાં એ છે કે મોગલકાળના શાસનમાં ઇસ્લામનો કાનૂન, દેશનો કાનૂન (Law of the Land) હતો; અર્થાત્ સિવિલ (દિવાની) કાનૂન જ નહીં, ફોજદારી કાનૂન (Criminal Law) પણ ઇસ્લામનો લાગુ હતો, અને તેના અનુસાર જ અદાલતોનું વ્યવસ્થા-તંત્ર ચલાવવામાં આવતું હતું. અલબત્ત, બિનમુસ્લિમોને લગ્ન-વિવાહ, વારસો અને સંપત્તિ વગેરેના સંદર્ભમાં તેમના પોતાના ધાર્મિક અને પરંપરાગત કાનૂન પર ચાલવાની પૂરેપૂરી આઝાદી હતી; અર્થાત્ તેમના માટે તેમનો પોતાનો પર્સનલ લૉ હતો અને મુસલમાનો માટે તેમનો પોતાનો પર્સનલ લૉ. ઈ. ૧૭૬૫ માં જ્યારે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ન્યાયાલયોનું વ્યવસ્થા-તંત્ર નવેસરથી ગોઠવ્યું, તો અંગ્રેજ ન્યાયધીશો કાયદાશાસ્ત્રીઓની મદદથી ઇસ્લામી કાનૂનો અનુસાર ફેંસલાઓ કરતા રહ્યા. પાછળથી ધીમે-ધીમે અંગ્રેજી કાનૂન પ્રચલિત થતો ગયો, ત્યાં સુધી કે ઈ. ૧૮૬૨ માં ઇસ્લામના ફોજદારી કાનૂન (Criminal Law)ને સમાપ્ત કરીને ભારતીય ફોજદારી કાનૂન (Indian Penal Code), જે આજે પણ એ જ નામથી પ્રચલિત છે, લાગુ કરી દેવામાં આવ્યો અને નિકાહ (લગ્ન), તલાક (છુટાછેડા) અને વારસા-હિબા (ભેટ કે બક્ષિસ) વગેરેનો કૌટુંબિક અને વ્યક્તિગત બાબતોની હદ સુધી ઇસ્લામી કાનૂનને બાકી રહેવા દીધો;[૧] પરંતુ બિનઇસ્લામી સભ્યતાના પ્રભાવ હેઠળ મુસલમાનોની કેટલીક બિરાદરીઓ (પંથો કે જાતિઓ)માં પરંપરાગત કાનૂનોએ ઇસ્લામી કાનૂનની જગ્યા લઈ લીધી હતી; જેમ કે હિંદુ ધર્મના પ્રભાવ હેઠળ સ્ત્રીઓને વારસામાં હિસ્સો આપવામાં આવતો નહોતો, તેથી ઉલ્માએ-કિરામ (ઇસ્લામી શરીઅતના નિષ્ણાતો કે વિદ્વાનો) અને સામાન્ય મુસલમાનોની માગણી પર અંગ્રેજોના શાસન-કાળમાં ઈ. ૧૯૩૭ માં 'મુસ્લિમ પર્સનલ લૉ' (Muslim Personal Law (Shariat) Application Act 1937)ને લાગુ કરવામાં આવ્યો.

મુસ્લિમ પર્સનલ લૉમાં, જેનું બીજું નામ 'શરીઅત એક્ટ-૧૯૩૭' છે, કહેવામાં આવ્યું છે કે લગ્ન-વિવાહ, મહેર, ભરણ-પોષણ, તલાક (પતિ પત્નીને છૂટી કરે), ખુલા (પત્ની તરફથી લગ્ન-વિચ્છેદ), ફસ્ખે-નિકાહ (કાઝી, અર્થાત્ મુસ્લિમ ન્યાયાધીશ

દ્વારા દરખાસ્ત પર લગ્ન-વિચ્છેદનો ચુકાદો), વિલાયત (Guardianship), હિબા (ભેટ, બક્ષિસ), વારસો અને અવકાફના સંદર્ભમાં જ્યાં પક્ષકારો મુસલમાન હોય, ફેંસલાનો કાનૂન (Rule of Decision) મુસ્લિમ પર્સનલ લૉ (શરીઅત) હશે.

તે પછી ઈ. ૧૯૩૯ માં મુસ્લિમોનો લગ્ન-વિચ્છેદ કાનૂન ૧૯૩૯ (Dissolution of Muslim Marraiges Act-1939)ને લાગુ કરવામાં આવ્યો, જેમાં એ કારણો અને પરિબળો નક્કી કરવામાં આવ્યા, જેના આધારે એક મુસ્લિમ મહિલા પોતાના પતિથી છૂટાછેડા મેળવવા માટે અદાલતમાં જઈ શકે છે; જેમ કે જો પતિ ચાર વર્ષથી ગૂમ છે અથવા બે વર્ષથી ભરણ-પોષણ આપતો નથી અથવા અત્યાચારનો વ્યવહાર કરે છે અથવા એકથી વધારે પત્નીઓ હોય તો તેમના વચ્ચે કુર્આનના નિર્દેશો અનુસાર ન્યાય નથી કરતો અથવા યૌન ચેપી રોગોમાં ગ્રસ્ત છે, તો તેના આધારે સ્ત્રી અદાલતથી ફસ્ખે-નિકાહ (લગ્ન-વિચ્છેદ)નો હુકમ (Decree) મેળવી શકે છે.

આનાથી સ્પષ્ટ છે કે મુસ્લિમ પર્સનલ લૉનો સંબંધ નિકાહ, તલાક, ખુલા અને વારસા વગેરેના શરઈ (શરીઅતના) આદેશો સાથે છે અને તેનું ક્ષેત્ર એટલું વ્યાપક છે કે તેમાં ઇસ્લામના ફક્ત નિકાહ અને તલાકના કાયદાઓ જ સામેલ નથી, બલ્કે તેમાં આખા વારસાની વ્યવસ્થા પણ આવી જાય છે. આ બાબતોથી સંબંધિત જે મામલો પણ વિવાદમાં હશે, ન્યાયાલય તેનો ફેંસલો શરઈ કાનૂન અનુસાર કરવા માટે પાબંદ છે; જેમ કે કોઈ સ્ત્રી જો પુરુષના અત્યાચારથી તંગ આવી ગઈ છે અને પુરુષ 'ખુલા' માટે તૈયાર નથી થતો, તો સ્ત્રી અદાલત દ્વારા લગ્ન-વિચ્છેદ કરાવી શકે છે અથવા જો સ્ત્રીને તેને વારસાનો હક્ક આપવામાં આવતો નથી, જે ઇસ્લામે તેના માટે નિર્ધારિત કર્યો છે, તો તે અદાલત દ્વારા પોતાનો આ હક્ક પ્રાપ્ત કરી શકે છે.

જો કે મુસ્લિમ પર્સનલ લૉનું Codification (સંહિતાકરણ, સંપાદન) કરવામાં નથી આવ્યું, પરંતુ સૈદ્ધાંતિક રીતે શરીઅતને ફેંસલાનું માપદંડ માની લેવામાં આવ્યું છે. તેથી ઇસ્લામી ફિક્હ (ઇસ્લામી ધર્મશાસ્ત્ર કે કાયદાશાસ્ત્ર)ને કાનૂનનો દરજ્જો પ્રાપ્ત છે અને અદાલતની સહુલત માટે અંગ્રેજીમાં 'મોહમેડન લૉ' (Mohmeddan Law) વિશે ઘણાં પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે; જેમ કે સર દીનશાહ ફરદુનજી મુલ્લાનું પુસ્તક Principles of Mohmedan Law અને એ. એ. ફૈઝીનું પુસ્તક Outlines of Mohammadan Law ખૂબ પ્રખ્યાત છે. હનફી ફિક્હનું મશહૂર અને પ્રમાણિત પુસ્તક 'હિદાયા'નો પણ અંગ્રેજીમાં અનુવાદ પ્રકાશિત થઈ ચૂક્યો છે, જેનો સંદર્ભ પ્રસ્તુત કરીને વકીલો ન્યાયાલયોથી ચુકાદો માગે છે અને ન્યાયાલયોને ઇસ્લામી કાનૂન અનુસાર ફેંસલો કરવો પડે છે. આ પરિસ્થિતિ આઝાદી પછી પણ યથાવત ચાલુ રહી અને

અલ્લાહની કૃપાથી હજુ સુધી ચાલી રહી છે. એ વાત જુદી છે કે ગૌણ અને વિગતમાં ઈસ્લામી કાનૂનનો હેતુ વર્તમાન અદાલતો દ્વારા સારી રીતે પૂરો ન થઈ રહ્યો હોય, જો કે વર્તમાન વ્યવસ્થામાં અને હાલની પરિસ્થિતિમાં તેની આશા પણ રાખી શકાય તેમ નથી.

# મુસ્લિમ પર્સનલ લૉનું મહત્ત્વ

નિકાહ, તલાક, ખુલા અને વારસા જેવી બાબતો એવી નથી કે તેના સંદર્ભમાં ગમે તે પદ્ધતિ અપનાવવા અને પોતાની ઈચ્છા અનુસાર કાનૂન-ઘડતર કરવાની ઈસ્લામ છૂટ આપતો હોય, બલ્કે તેમાંથી દરેક મામલામાં કુર્આન-કરીમના સ્પષ્ટ આદેશો મોજૂદ છે અને આ આદેશોનું વર્ણન કર્યા પછી તેમનું પાલન કરવાની કડક તાકીદ કરવામાં આવી છે. તેના ઉલ્લંઘન પર ભારે ચેતવણીઓ આપવામાં આવી છે; જેમ કે નિકાહના આદેશો વર્ણવ્યા પછી કુર્આન-કરીમમાં ફરમાવવામાં આવ્યું છે –

كِتٰبَ اللّٰهِ عَلَيْكُمْ

''આ અલ્લાહનો કાનૂન છે, જેનું પાલન તમારા પર અનિવાર્ય છે.''
(સૂરઃ નિસા, ૨૪)

તલાક અને ખુલાના આદેશો વર્ણવ્યા પછી ફરમાવવામાં આવ્યું કે –

تِلْكَ حُدُوْدُ اللّٰهِ فَلَا تَعْتَدُوْهَا ۚ وَمَنْ يَّتَعَدَّ حُدُوْدَ اللّٰهِ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ۝

''આ અલ્લાહની હદો છે, તેનું ઉલ્લંઘન ન કરો અને જે લોકો અલ્લાહની હદોને ઓળંગે, તેઓ જ અત્યાચારી છે.'' (સૂરઃ બકરહ, ૨૨૯)

વારસાનો કાનૂન વર્ણવતાં ફરમાવ્યું –

فَرِيْضَةً مِّنَ اللّٰهِ

''આ અલ્લાહ તરફથી સોંપવામાં આવેલ કર્તવ્ય છે.'' (સૂરઃ નિસા, ૧૧)

અને, વારસાની વ્યવસ્થાનું વર્ણન જે આયત પર સમાપ્ત થાય છે તે છે –

وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ وَيَتَعَدَّ حُدُوْدَهٗ يُدْخِلْهُ نَارًا خَالِدًا فِيْهَا ۖ وَلَهٗ عَذَابٌ مُّهِيْنٌ ۝

''અને જે અલ્લાહ અને તેના રસૂલની અવજ્ઞા કરશે અને તેની હદોનું ઉલ્લંઘન કરશે, તેને અલ્લાહ આગમાં દાખલ કરશે, જેમાં તે હંમેશા રહેશે અને તેના માટે અપમાનજનક યાતના છે.'' (સૂરઃ નિસા, ૧૪)

કુર્આન-કરીમમાં જે સામાજિક આદેશો વર્ણવવામાં આવ્યા છે, તેમની સમજૂતી નબી ﷺ એ કરી છે, જેને 'સુન્નત' કહેવામાં આવે છે અને ઉમ્મતના ફુકહા (ઇસ્લામી કાયદાશાસ્ત્રીઓ)એ કુર્આન અને સુન્નતના પ્રકાશમાં 'ઇજ્તિહાદ' (સંશોધન) કરેલ છે અને ઇસ્લામી ફિક્હ (કાયદાશાસ્ત્ર)નું સંપાદન કર્યું છે. કુર્આન અને સુન્નતના આદેશો, જે સામાજિક અને કૌટુંબિક જીવનથી સંબંધિત છે, ઇસ્લામી શરીઅતના સૌથી મહત્ત્વના અને અભિન્ન ભાગ છે અને તેની હેસિયત અલ્લાહના કાનૂન અને તેના ફરમાનની છે. શરીઅતના સંપૂર્ણ પાલનનો આદેશ કુર્આન-મજીદમાં આપવામાં આવ્યો છે –

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا ادْخُلُوْا فِى السِّلْمِ كَآفَّةً

"હે ઈમાનવાળાઓ ! ઇસ્લામમાં પૂરેપૂરા દાખલ થઈ જાઓ."

(સૂરઃ બકરહ, ૨૦૮)

اِتَّبِعُوْا مَآ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ وَلَا تَتَّبِعُوْا مِنْ دُوْنِهٖٓ اَوْلِيَآءَ

"તમારા રબ (માલિક અને પાલનહાર) તરફથી જે કંઈ તમારા તરફ અવતરિત કરવામાં આવ્યું છે, તેનું અનુસરણ કરો અને તેને છોડીને બીજા ખુદાઓ (ઉપાસ્યો)નું અનુસરણ ન કરો." (સૂરઃ આ'રાફ, ૩)

وَاَنِ احْكُمْ بَيْنَهُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ وَلَا تَتَّبِعْ اَهْوَآءَهُمْ
وَاحْذَرْهُمْ اَنْ يَّفْتِنُوْكَ عَنْۢ بَعْضِ مَآ اَنْزَلَ اللّٰهُ اِلَيْكَ

"હે પયગંબર ! તમે અલ્લાહના અવતરિત કરેલ કાનૂન અનુસાર તેમના મામલાઓનો ફેંસલો કરો અને તેમની ઇચ્છાઓનું અનુસરણ ન કરો. સાવધાન ! આ લોકો તમને ફિત્ના (અજમાયશ)માં નાખીને અમુક એ આદેશોથી તમને ફેરવી ન દે, જે અલ્લાહે તમારા તરફ અવતરિત કરેલ છે." (સૂરઃ માઈદા, ૪૯)

કોઈ મુસલમાનને એ અધિકાર નથી કે અલ્લાહના આદેશો અને કાનૂનોની ઉપસ્થિતિમાં તેઓ પોતાની પસંદનો કોઈ કાનૂન બનાવે અથવા પોતાને પસંદ હોય એ માર્ગે ચાલે.

وَمَا كَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ اِذَا قَضَى اللّٰهُ وَرَسُوْلُهٗٓ اَمْرًا اَنْ يَّكُوْنَ
لَهُمُ الْخِيَرَةُ مِنْ اَمْرِهِمْ

"કોઈ મોમિન પુરુષ અને કોઈ મોમિન સ્ત્રીને અલ્લાહ અને તેના રસૂલ દ્વારા નિર્ણય કરી લીધા પછી પોતાના મામલામાં કોઈ અધિકાર રહેતો નથી." (સૂરઃ અહ્ઝાબ, ૩૬)

જે લોકો અલ્લાહના કાનૂન અનુસાર નિર્ણય નથી કરતા, તેમને 'કાફિર' (ઇન્કાર કરનાર), જાલિમ અને ફાસિક (અવજ્ઞાકારી, નાફરમાન) કહેવામાં આવ્યા છે. એ જ રીતે દીનના એક હિસ્સાને માનવા અને બીજા હિસ્સાને છોડી દેવા અંગે સખત ચેતવણી આપવામાં આવી છે.

أَفَتُؤْمِنُونَ بِبَعْضِ الْكِتَابِ وَتَكْفُرُونَ بِبَعْضٍ

"પછી શું તમે અલ્લાહના ગ્રંથના એક હિસ્સા પર ઈમાન લાવો છો અને બીજા હિસ્સાનો ઇન્કાર કરો છો." (સૂરઃ બકરહ, ૮૫)

સૂરઃ નિસામાં સામાજિક આદેશો વિગતવાર આપવામાં આવ્યા છે અને આ જ સૂરઃમાં નબી ﷺ ને સંબોધન કરીને ચોખ્ખા શબ્દોમાં ફરમાવવામાં આવ્યું છે કે –

فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُونَ حَتَّىٰ يُحَكِّمُوكَ فِيمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ
لَا يَجِدُوا فِي أَنفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَيُسَلِّمُوا تَسْلِيمًا

"(હે પયગંબર !) તમારા રબના સોગંદ ! આ લોકો મોમિન નથી હોઈ શકતા, જ્યાં સુધી એવું ન થાય કે તેઓ પોતાના પરસ્પરના મતભેદોમાં તમને 'હકમ' (પંચ, અંતિમ નિર્ણાયક) ન માની લે. પછી તમે જે નિર્ણય કરો, તેના પર પોતાના હૃદયમાં પણ કોઈ સંકોચ ન અનુભવે, બલ્કે તમારા નિર્ણયને સરાસર સ્વીકારી લે." (સૂરઃ નિસા, ૬૫)

મુસ્લિમ પર્સનલ લૉના વિરોધીઓ કહે છે કે મુસ્લિમ પર્સનલ લૉનું શરીઅતના ભાગ હોવું તેને સમાપ્ત કરવામાં અવરોધરૂપ ન હોવું જોઈએ, કેમ કે આનાથી અગાઉ ઇસ્લામના ફોજદારી કાનૂન (Criminal Law)ને પણ શરીઅતનો ભાગ હોવા છતાં સમાપ્ત કરી નાખવામાં આવ્યું જ છે અને હાલ દેશમાં બિનઇસ્લામી કાનૂન લાગુ છે. આ દલીલ પણ વિચિત્ર છે ! જો કોઈ વ્યક્તિને ખરાબ હવામાં શ્વાસ લેવો પડે તો તેનો અર્થ એ કેવી રીતે થઈ જાય કે જે સ્વચ્છ હવા આવતી હોય તો તેને પણ બંધ કરી દેવામાં આવે, અને ફક્ત ખરાબ હવાની જ વ્યવસ્થા કરવામાં આવે ! ઇસ્લામનો કોઈ કાનૂન, ચાહે તે ફોજદારી હોય કે કોઈ બીજો, પોતાની જગ્યાએ પૂરેપૂરું મહત્ત્વ ધરાવે છે અને સમાન રૂપે આદરને યોગ્ય છે. કોઈપણ શરીઅતના કાનૂનને સમાપ્ત કરવાનો પ્રશ્ન કોઈ

મુસલમાનના મનમાં ઊભો જ થઈ શકતો નથી. પરંતુ જો સંજોગોવસાત ઈસ્લામના ફોજદારી કાનૂનના બદલે કોઈ બીજો કાનૂન તેમના પર થોપી દેવામાં આવ્યો હોય, તો આ પરિસ્થિતિ એ વાત માટે દલીલ નથી બની શકતી કે ઈસ્લામના કાનૂનનો જેટલો ભાગ બાકી રહી ગયો છે, તેને પણ અલવિદા કરી દેવામાં આવે. પછી જે ફરક ફોજદારી કાનૂનો અને સામાજિક કાનૂનોની વચ્ચે જોવા મળે છે, તેની આ મહાનુભાવો તદ્દન અવગણના કરી દે છે. ફોજદારી કાનૂનોનો સંબંધ મૂળભૂત રીતે સરકારથી હોય છે; જેમ કે ચોર કે વ્યભિચારી (કે બળાત્કારી)ને સજા સરકાર જ આપી શકે છે, વ્યક્તિ/વ્યક્તિઓ નથી આપી શકતા. પરંતુ સામાજિક કાનૂનો પર વ્યક્તિઓએ પોતાની રીતે અમલ કરવાનો હોય છે અને સરકારથી તેમનો સંબંધ કેવળ ગૌણ હેસિયતે હોય છે. અર્થાત્, કેસોના ચુકાદાઓ વગેરેની રીતે. વધુમાં, ઈસ્લામના સામાજિક કાનૂનોને સમાપ્ત કરવાની સ્થિતિમાં વ્યક્તિઓની પોતાની નૈતિક હેસિયત પ્રભાવિત થવાની સંભાવના ઊભી થઈ જાય છે. ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિએ પોતાની પત્નીને તલાક આપી જ દીધી, જ્યારે કે કાયદેસર રીતે તલાકની મનાઈ કરી દેવામાં આવી હોય, તો તે પત્ની શરીઅતની રીતે એ વ્યક્તિની નહીં રહે, પરંતુ કાયદાથી મજબૂર થઈને તે તેની પત્ની જ ઠરશે. સ્પષ્ટ છે કે આનાથી સ્ત્રી અને પુરુષ બંનેની નૈતિક હેસિયત પ્રભાવિત થશે. તેનાથી વિપરીત, ફોજદારી કાનૂનોનો સંબંધ ફક્ત ગુનેગારોને સજા આપવાથી હોય છે. તેથી ઈસ્લામના ફોજદારી કાનૂનો લાગુ ન હોવાની વાતને મુસ્લિમ પર્સનલ લૉની સમાપ્તિ માટેની દલીલ બનાવી શકાય તેમ નથી.

# દેશના બંધારણની કલમ-૪૪

મુસ્લિમ પર્સનલ લૉમાં ફેરફાર માટે દેશમાં જે આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે, તેનો આશય વાસ્તવમાં મુસ્લિમ પર્સનલ લૉને સંપૂર્ણપણે સમાપ્ત કરવા અને તેની જગ્યાએ એક એવા સિવિલ કૉડને લાગુ કરવાનો માર્ગ તૈયાર કરવાનો છે, જે તમામ વર્ગો, જૂથો અને સમુદાયો માટે એકસમાન હોય, જેમાં મુસ્લિમ અને બિનમુસ્લિમનો કોઈ ભેદ ન હોય અને ઈસ્લામનો અથવા બીજા કોઈ ધર્મનો કૌટુંબિક કાયદો બાકી ન રહે. આ આંદોલનનું મૂળ વાસ્તવમાં પશ્ચિમી સભ્યતા અને ભૌતિકવાદી જીવન-દૃષ્ટિકોણ છે, પરંતુ ભારતના બંધારણની કલમ-૪૪ એ, જે માર્ગદર્શક સિદ્ધાંતોમાંથી એક છે, તેના માટે આધાર પૂરો પાડ્યો છે. કલમ-૪૪માં કહેવામાં આવ્યું છે કે –

The state shall endeavour to secure for citizens a uniform civil code throughout the territory of India.

''રાજ્ય પ્રયાસ કરશે કે સમગ્ર દેશમાં નાગરિકો માટે સમાન સિવિલ કૉડ હોય.''

પરંતુ બંધારણની આ કલમ બીજા માર્ગદર્શક સિદ્ધાંતોની જેમ રાજ્ય માટે કેવળ એક માર્ગદર્શક સિદ્ધાંતની હેસિયત ધરાવે છે અને તેના પર બંધારણના મૂળભૂત અધિકારો (Fundamental Rights) ને દરેક રીતે પ્રાથમિકતા પ્રાપ્ત છે, જેમાં કહેવામાં આવ્યું છે કે –

''તમામ લોકોને સમાન રૂપે અંતરાત્માની સ્વતંત્રતા પ્રાપ્ત હશે અને પોતાના ધર્મને સ્વતંત્રતાપૂર્વક અપનાવવા, તેના પર અમલ કરવા અને તેના પ્રચાર કરવાનો પણ અધિકાર પ્રાપ્ત હશે.'' (કલમ-૨૫)

ધાર્મિક સ્વતંત્રતાની આ કલમને જોતાં કોઈ એવા સિવિલ કૉડ માટે અવકાશ ન હોવો જોઈએ, જેનાથી કોઈપણ સમુદાય કે સંપ્રદાયનું ધાર્મિક સ્વાતંત્ર્ય છીનવાતું હોય અને તેને તેના ધર્મની શિક્ષાઓના વિરુદ્ધ અમલ કરવા માટે વિવશ કરવામાં આવે. જો આવું કરવામાં આવશે, તો તે ધર્મમાં ખુલ્લો હસ્તક્ષેપ હશે અને તે પછી બંધારણની

આ બાંહેધરી કે લોકોને પોતાના ધર્મ પર અમલ કરવાની સ્વતંત્રતા હશે, શું અર્થ રહી જશે ? આશ્ચર્ય છે કે બંધારણની આટલી મહત્ત્વની કલમની અવગણના કરીને કલમ-૪૪ ને જ બધું જ સમજી લેવામાં આવી રહ્યું છે.

જ્યાં સુધી માર્ગદર્શક સિદ્ધાંતો (Directive Principles)નો સંબંધ છે, દારૂબંધીનું અમલીકરણ પણ માર્ગદર્શક સિદ્ધાંતોમાં સામેલ છે અને તેને લાગુ કરવામાં કોઈ ધર્મ અવરોધરૂપ પણ નથી, તેમ છતાં કેટલાય રાજ્યો એવા છે, જ્યાં હજુ સુધી તેને લાગુ કરી શકાયું નથી અને જે રાજ્યોમાં તેને લાગુ કરવામાં આવેલ છે, તે રાજ્યોમાં પણ ધીમે-ધીમે તેને વિદાય કરવામાં આવી રહ્યું છે; જેમ કે કેરાળામાં દારૂબંધી ઉઠાવી લેવામાં આવેલ છે અને મહારાષ્ટ્રમાં પહેલા તો કાનૂનમાં જ ઢીલ મૂકી દેવામાં આવી, અને હવે સરકાર તેને તદ્દન સમાપ્ત કરી દેવા જ ઇચ્છે છે. (હાલ મોટાભાગના રાજ્યોમાંથી દારૂબંધી ઉઠાવી લેવામાં આવી છે, અથવા હળવી કરી નાખવામાં આવી છે.) છેવટે આ કેવો ન્યાય છે કે બંધારણના એક માર્ગદર્શક સિદ્ધાંતથી ઉપેક્ષા કરવા માટે બધી જ યુક્તિઓ અપનાવવામાં આવે અને બીજા માર્ગદર્શક સિદ્ધાંત, જે ખરેખર તો મહદ્અંશે વિવાદાસ્પદ છે અને જેનાથી ધર્મમાં ચોખ્ખો હસ્તક્ષેપ અનિવાર્ય થાય છે, લાગુ કરવા માટે હઠાગ્રહ કરવામાં આવે.

જ્યાં સુધી બંધારણની કલમ-૪૪ બાકી છે, સમાન સિવિલ કૉડનું આંદોલન જોર પકડતું રહેશે અને મુસ્લિમ પર્સનલ લૉ માટે હંમેશા ખતરો બની રહેશે, ચાહે સરકારના જવાબદાર લોકો મુસ્લિમ પર્સનલ લૉમાં ફેરફાર ન કરવાનો ગમે તેટલો વિશ્વાસ અપાવે અને ગમે તેટલા વચનો આપે, કેમ કે સરકારના લોકોના વચનોની સ્થિતિ સૌ-કોઈ જાણે છે.

અને આ વિશ્વાસ એટલા માટે પર્યાપ્ત નથી કે હોદ્દાઓ પર બિરાજમાન લોકો લોકશાહી વ્યવસ્થામાં બદલાતા રહે છે અને સરકારો પણ બદલાતી રહે છે. તેથી તેની શું બાંહેધરી કે સરકારના હોદ્દેદારો આજે જે વચન આપી રહ્યા છે, તેનું પાલન કાલે તેમના અનુગામીઓ પણ કરશે ? તેથી એ વાતની અત્યંત આવશ્યકતા છે કે બંધારણની આ કલમ કાં તો બાકાત કરી નાખવામાં આવે અથવા તેમાં એવો ફેરફાર કરી નાખવામાં આવે કે મુસ્લિમ પર્સનલ લૉની સપૂર્ણ સુરક્ષાની બાંહેધરી મળી જાય.

બંધારણના ઘડતરની એસેમ્બલીમાં જે વખતે બંધારણની કલમ-૪૪ પર વિચાર કરવામાં આવી રહ્યો હતો, ત્યારે મુસ્લિમ સંસદ-સભ્યોએ આમાં ઘણા ફેરફારો સૂચવ્યા હતા. જેમ કે, શ્રી મુહમ્મદ ઈસ્માઈલે (મદ્રાસ) નીચે મુજબ સંશોધન પ્રસ્તાવ રજૂ કર્યો હતો –

Provided that any group, section or community of people shall not be obliged to give up its own Personal Law, in case it has such a law. *(Directive Principles in the Indian Constitution by K.C.Markanden, P. 193)*

''પરંતુ પ્રજાના કોઈ સમુદાય (કે સંપ્રદાય), ભાગ કે વર્ગ (કે પંથ)ને એ વાત માટે મજબૂર કરવામાં નહીં આવે કે તે પોતાના પર્સનલ લૉને ત્યજી દે, જો તે આવો કોઈ કાનૂન ધરાવતો હોય.''

બીજું સંશોધન શ્રી નઝીરુદ્દીન અહમદે રજૂ કર્યું હતું, જે આ મુજબ હતું –

Provided that the Personal Law of any Community which has been guearantted by the State shall not be changed except with the previous approval of the Union Legislature may determine by law. *(do page 193)*

''પરંતુ કોઈ સમુદાયના પર્સનલ લૉમાં, જેની રાજ્યએ બાંહેધરી આપી છે, ફેરફાર કરવામાં નહીં આવે, સિવાય કે તે સમુદાયથી અગાઉથી મંજૂરી લેવામાં આવી હોય, એ પદ્ધતિથી જે કેન્દ્રીય કાનૂન-ઘડતર સંસ્થાએ કાનૂન દ્વારા તેના માટે નક્કી કરી હોય.''

તેમણે આ સંશોધનને રજૂ કરતાં સચેત કર્યા હતા કે આ કલમ (કલમ-૪૪) ધાર્મિક સ્વતંત્રતાની કલમથી ટકરાય છે અને જે બાંહેધરી આમાં આપવામાં આવી છે, તેને સંભવતઃ આ કલમ (કલમ-૪૪) સમાપ્ત કરી દેશે.

ત્રીજું સંશોધન મહેબૂબઅલી બેગ બહાદુરે (મદ્રાસ) પ્રસ્તુત કર્યું હતું, જેના શબ્દો આ પ્રમાણે હતા –

Provided that nothing in this Article shall affect the Personal Law of the Citizen. *(do P. 193)*

''પરંતુ આ કલમ નાગરિકોના પર્સનલ લૉને પ્રભાવિત નહીં કરે.''

ચોથું સંશોધન શ્રી બી. પોકર બહાદુરે (મદ્રાસ) રજૂ કર્યું હતું, જે મુહમ્મદ ઈસ્માઈલના સંશોધન જેવું હતું.

આ સંશોધનો પર તે વખતે બંધારણ-ઘડતર સભામાં ગરમાગરમ ચર્ચાઓ થઈ હતી, જેમાં કે. એમ. મુન્શી, એમ.આર. મસાની, એ. કે. ઐયર વગેરેએ વિશેષ રૂપે ભાગ લીધો હતો. કે. એમ. મુન્શીએ તો ત્યાં સુધી કહી દીધું હતું કે –

It was the desire of the frames of the Constitution to divorce religion from Personal Law. *(do P. 195)*

''આ બંધારણની રચના કરનારાઓની એ ઇચ્છા રહી છે કે ધર્મને પર્સનલ લૉથી છુટાછેડા આપી દેવામાં આવે.''

તેમણે પોતાના ભાષણમાં તુર્કી અને મિસર (ઇજિપ્ત)ના સુધારાઓનો પણ સંદર્ભ આપ્યો હતો, પરંતુ ડૉ. આંબેડકરે મુસલમાનોને એ વિશ્વાસ અપાવ્યો હતો કે સમાન સિવિલ કૉડ તેમના ઉપર બળજબરીપૂર્વક થોપી દેવામાં નહીં આવે.

તેમણે કહ્યું હતું કે આગામી સંસદનું એ કામ હશે કે તેઓ એવો કાનૂન બનાવે કે સમાન સિવિલ કૉડ કેવળ એ લોકો પર લાગુ થશે, જે એ જાહેરાત કરશે કે તેઓ પોતાની મરજી અને ખુશીથી તેનું પાલન કરવાનું સ્વીકારે છે. આ વિશ્વાસ અપાવ્યા પછી ઉપર્યુક્ત તમામ સંશોધનો રદ કરી નાખવામાં આવ્યા હતા અને કાનૂનનો એ મુસદ્દો મંજૂર કરી લેવામાં આવ્યો, જે વર્તમાન બંધારણમાં કલમ-૪૪ના રૂપમાં જોવા મળે છે.

શ્રી મુહમ્મદ ઇસ્માઈલ (મદ્રાસ) મુસ્લિમ પર્સનલ લૉની સુરક્ષા માટે બંધારણના મૂળભૂત અધિકારોની કલમોમાં પણ નીચે મુજબની ધારાઓનો સમાવેશ કરવા માગતા હતા –

To follow the Personal Law of the groups or Community to which he belongs or professes to belongs. *(Constitution Assembly Debates, Vol-VII, P. 721)*

''(તેને એ વાતની પણ સ્વતંત્રતા પ્રાપ્ત હશે કે) તે જે સંપ્રદાય કે વર્ગ (કે પંથ)થી સંબંધ ધરાવે છે અથવા સંબંધ રાખવા માગે છે, તેના પર્સનલ લૉ પર અમલ કરે.''

પરંતુ બંધારણ-ઘડતર સભાએ તેને પણ મંજૂર ન કર્યું અને હવે આપણા સામે એ જોખમ છે, જેને બંધારણની રચના થઈ રહી હતી તે વખતે જ અનુભવી લેવામાં આવ્યું હતું. રહી વાત ડૉ. આંબેડકરે અપાવેલ વિશ્વાસની, તો તેને મહત્ત્વ આપવાની વાત તો બાજુ પર રહી, કદાચ શાસક વર્ગને તે યાદ પણ ન રહી હોય. તેથી હવે જરૂરત એ વાતની નથી કે હજુ વધારે વિશ્વાસ અપાવવામાં આવે, બલ્કે જરૂરત એ વાતની છે કે બંધારણમાં સંશોધન કરીને સ્પષ્ટ શબ્દોમાં મુસલમાનોને એ બાંહેધરી આપવામાં આવે કે તેમને તેમના પર્સનલ લૉ પર અમલ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હશે. જ્યાં સુધી બંધારણમાં આ પ્રકારનો ફેરફાર નહીં કરાવી લેવામાં આવે, ત્યાં સુધી સમાન સિવિલ કૉડની તલવાર મુસ્લિમ પર્સનલ લૉના માથા પર લટકતી રહેશે.

# રાજ્યનું ધર્મનિરપેક્ષ ચરિત્ર

મુસ્લિમ પર્સનલ લૉના વિરોધીઓ પોતાના સમર્થનમાં રાજ્યના ધર્મનિરપેક્ષ ચરિત્રને પ્રસ્તુત કરે છે. તેમના મતે સેક્યુલરિઝ્મ (ધર્મનિરપેક્ષતા)નો સ્પષ્ટ તકાદો એ છે કે તમામ નાગરિકોના કૌટુંબિક કાનૂનોમાં એકરૂપતા હોવી જોઈએ. વિભિન્ન સંપ્રદાયો માટે અલગ-અલગ કૌટુંબિક કાનૂનો (Family Laws) તેમના વચ્ચે અંતર (Discrimination) ઊભું કરવા સમાન છે, જે રાજ્યના ધર્મનિરપેક્ષ ચરિત્રના વિરુદ્ધ છે. સેક્યુલરિઝ્મના આ અંતિમવાદીઓ (Ultra Secularists)થી કોઈ પૂછે કે શું દુનિયાના નકશામાં ભારત જ એક માત્ર સેક્યુલર દેશ છે કે પછી બીજા પણ સેક્યુલર દેશો છે? તેમને કદાચ ખબર નથી કે કેટલીય સેક્યુલર સરકારો એવી છે, જેમણે મુસ્લિમ પર્સનલ લૉને હાથ સુદ્ધા લગાવ્યો નથી. ઉદાહરણ રૂપે, થાઈલેન્ડને લો, જ્યાં બૌદ્ધ મતના અનુયાયીઓની બહુમતી છે અને ત્યાં સરકારે તેમના કૌટુંબિક કાયદાઓમાં સુધારાઓ પણ કર્યા છે, પરંતુ તેનું વર્તુળ બૌદ્ધો સુધી મર્યાદિત રાખ્યું છે અને મુસલમાનોને તેમાંથી બાકાત રાખીને તેમને પોતાના પર્સનલ લૉ પર અમલ કરવાની સ્વતંત્રતા આપી રાખી છે. આ જ સ્થિતિ બર્માની છે, અને યૂનાનમાં તો મુસ્લિમ પર્સનલ લૉનું અમલીકરણ મુફ્તી (ધર્મદિશ આપનારાઓ)થી કરાવવામાં આવી રહ્યું છે. આફ્રિકી દેશો ઈથોપિયા, ઘાના, ગોલ્ડકૉસ્ટ અને યુગાન્ડામાં પણ મુસ્લિમ પર્સનલ લૉને યથાવત રાખવામાં આવેલ છે.[૧] આ દેશોમાંથી મોટાભાગના દેશોનું બંધારણ ધર્મનિરપેક્ષ છે અને કેટલાક રાજ્યો તો સામ્યવાદી વિચારધારા ધરાવે છે, પરંતુ જ્યારે તેમનું સેક્યુલર હોવું મુસ્લિમ પર્સનલ લૉને બાકી રાખવામાં અવરોધરૂપ નથી, તો ભારતનું સેક્યુલર હોવું તેમાં કેમ અવરોધરૂપ હોઈ શકે છે?

૧. જૂઓ : **Family Law Reform in the Muslim World by Tahir Mahmood, P. 4**

# રાષ્ટ્રીય એકતા

જ્યારે ક્યારેક કોમી રમખાણો થાય છે અને દેશના રાજકીય નેતાઓ આના પર પોતાના વિચારો વ્યક્ત કરવા લાગે છે, તો મોટાભાગના લોકોની વાત એક જેવી હોય છે કે રાષ્ટ્રીય એકતા માટે સમાન સિવિલ કૉડ (Uniform Civil Code) જરૂરી છે. જાણે રમખાણો મુસ્લિમ પર્સનલ લૉના કારણે થતા રહેતા હોય ! જો તેને સમાપ્ત કરીને સમાન સિવિલ કૉડ લાગુ કરી દેવામાં આવે, તો રમખાણોનો આ સિલસિલો બંધ થઈ જશે ! આ નિદાન જો 'નીમ હકીમ' (ઊંટવૈદ) જેવા લોકોનું નથી, તો બતાવો કે – મુસ્લિમ પર્સનલ લૉના કારણે ક્યારે અને ક્યાં કોમી રમખાણ થયું છે ? હજારો રમખાણોમાંથી કોઈ એક રમખાણ તરફ સંકેત કરી દો. અત્યાર સુધી જેટલાં કમિશનો રમખાણોની તપાસ માટે નિયુક્ત કરવામાં આવ્યા છે, શું તેમાંથી કોઈએ પણ પોતાની એ તપાસ પ્રસ્તુત કરી છે કે રમખાણનું કારણ મુસ્લિમ પર્સનલ લૉ હતું ? તો પછી, કોમી રમખાણોના સંદર્ભમાં મુસ્લિમ પર્સનલ લૉની ચર્ચા છેડવા પાછળનો આશય શું છે ?

રમખાણો સિવાય સામાન્યતઃ જુદા-જુદા સંપ્રદાયો અને સમુદાયો વચ્ચે ભાવનાત્મક એકતા ઊભી કરવા માટે સમાન સિવિલ કૉડને આવશ્યક બતાવવામાં આવે છે. તેથી જસ્ટીસ વાય. વી. ચંદ્રચુડે એક પ્રસંગે મુંબઈમાં પ્રવચન કરતાં કહ્યું કે –

One law of marriage for all would be an important step towards national integration. *(Indian Express, 21-1-67)*

''તમામ લોકો માટે લગ્નનો એક કાનૂન રાષ્ટ્રીય એકતાની તરફ મહત્ત્વનું પગલું હશે.''

પરંતુ ખરી વાત એ છે કે આ તદ્દન ઊલટો તર્ક છે, કેમ કે આનાથી લઘુમતી સમુદાયને જ્યારે એવું લાગશે કે તેની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓને સમાપ્ત કરવામાં આવી રહી છે, તો તેની પ્રતિક્રિયા સારી નહીં હોય. આનાથી લઘમુતી અને બહુમતી સમુદાયો વચ્ચેના સંબંધો પર ખરાબ અસર પડશે. તેનાથી ઊલ્ટું, બહુમતી સમુદાય, જે લોકશાહી વ્યવસ્થામાં નિર્ણયાત્મક હેસિયત ધરાવે છે, લઘુમતીની સાથે વિશાળહૃદયતા

અને ઉદારતાનો વ્યવહાર કરવા માટે તૈયાર થઈ જાય અને જુદા-જુદા સમુદાયો અને જૂથોને વધુમાં વધુ ધાર્મિક અને સાંસ્કૃતિક સ્વતંત્રતા આપવામાં આવે, તો તેમના દરમ્યાન સંબંધો અત્યંત સારા રહેશે અને તેનાથી કોમી સંવાદિતા અને એકરૂપતા અને રાષ્ટ્રીય એકતા ઊભી કરવામાં ખૂબ મદદ મળશે; નહિં તો રાષ્ટ્રીય એકતા માટે જે તર્ક અને દલીલથી સમાન સિવિલ કૉડને આવશ્યક ઠરાવવામાં આવે છે, એ તર્કથી તો સમાન ઉપાસના અને પૂજા-અર્ચના કૉડ (Uniform Worship Code)ને પણ જરૂરી સાબિત કરી બતાવી શકાય છે. મસ્જિદ અને મંદિરનો ઝઘડો બાકી જ કેમ રહેવા દેવામાં આવે ! આ બધાને સમાપ્ત કરીને રાષ્ટ્રીય ઉપાસના ગૃહો (National Temples) કેમ ન બનાવી દેવામાં આવે, જ્યાં તમામ સંપ્રદાયો અને સમુદાયોના લોકો એક જ પંક્તિમાં ઊભા રહીને રાષ્ટ્રીય નિયમ (National Code) હેઠળ સંયુક્ત પૂજા-અર્ચના કરે, અને આ પૂજા-અર્ચના પણ ખુદાની નહીં, બલ્કે રાષ્ટ્ર (Nation) ની હોવી જોઈએ ! કેમ કે જ્યાં પણ ખુદાનું નામ આવશે, શ્રદ્ધા, આસ્થા અને માન્યતાઓના વિવાદો ત્યાંથી જ શરૂ થઈ જશે, અને આ જ વિવાદથી સંપ્રદાયો જન્મ લેશે અને સંપ્રદાયોથી સાંપ્રદાયિકતા જન્મ લેશે ! તેથી 'ન રહે બાંસ ઔર ન બજે બાંસુરી' અનુસાર આ બધી વસ્તુઓને સમાપ્ત કરવું જ રાષ્ટ્રીય એકતા માટે જરૂરી છે ! કોણ જાણે કેમ, આ રાજનેતાઓ આટલી સીધી વાત કરવામાં આટલો બધો સંકોચ કેમ કરે છે !!

# આધુનિક સભ્યતાના તકાદાઓ !

મુસલમાનોનો એક સીમિત વર્ગ, જે આમ તો સંખ્યાની દૃષ્ટિએ ખૂબ જ નાનો છે, પરંતુ જેણે 'નવી રોશની' માં આંખો ખોલી છે, આધુનિક પ્રવાહો અનુસાર મુસ્લિમ પર્સનલ લૉમાં સંશોધનનું સમર્થક છે. તેનું મૂળ કારણ એ નથી કે શરઈ કાનૂનો વાસ્તવમાં અન્યાયી અને અત્યાચારપૂર્ણ છે અને મુસ્લિમ સમાજમાં જે ખરાબીઓ જોવા મળે છે, તે તેનું જ પરિણામ છે, તેથી તેમાં સુધારાઓની જરૂરત અનુભવાઈ રહી છે. આવું થવું કેવી રીતે સંભવ છે, જ્યારે કે શરઈ કાનૂનો અલ્લાહતઆલાએ અવતરિત કરેલ છે, જે બંદાઓની જરૂરતોથી સારી રીતે વાકેફ છે. બલ્કે તેનું અસલ કારણ એ છે કે આ વર્ગની આંખો આધુનિક સભ્યતાની ઝગમગાટથી અંજાઈ ગઈ છે અને ન્યાય અને સમાનતાના જે દૃષ્ટિકોણો તેને પશ્ચિમી સભ્યતા પાસેથી ભેટરૂપે મળ્યા છે, તેને જોઈને તે ઇસ્લામના સામાજિક મૂલ્યોને ખામીયુક્ત સમજવા લાગ્યા છે. તેની નજરમાં ઇસ્લામની સામાજિક વ્યવસ્થા હવે જૂનવાણી અને ક્ષીણ-જીર્ણ થઈ ગઈ છે, કેમ કે તે આધુનિક વિચારોથી સુસંગત નથી. તેથી તે આ બંધનથી આઝાદ થઈને આધુનિક દૃષ્ટિકોણોના પાયા પર સામાજિક વ્યવસ્થાનું નિર્માણ કરવા માગે છે, જેમાં સ્ત્રી અને પુરુષ, બંનેને નિરંકુશ સ્વતંત્રતા પ્રાપ્ત હોય, અને બંનેને એક જ સ્થાન પર મૂકવામાં આવે, અને કોઈને કોઈના પર કોઈ હેસિયતે પ્રભુત્વ પ્રાપ્ત ન હોય. આ આધુનિક દૃષ્ટિકોણ તેમને મુસ્લિમ પર્સનલ લૉમાં પરિવર્તન અને એક નવા સિવિલ કૉડની માંગ માટે તૈયાર કરે છે.

જો આ વર્ગના લોકો ખુલ્લા મનથી, પૂર્વગ્રહરહિત, ઇસ્લામની સામાજિક વ્યવસ્થાનો અભ્યાસ કરતા અને માનવીની પ્રકૃતિ અને તેની નૈતિક હેસિયતની અવગણના ન કરતા, તો તેમને ઇસ્લામની સામાજિક વ્યવસ્થામાં સર્વોત્તમ દરજ્જાનું સૌંદર્ય અને સંતુલન દેખાતું. એ વાતમાં કોઈ સંદેહ નથી કે ઇસ્લામે પુરુષને સ્ત્રી પર એક દરજ્જો પ્રદાન કર્યો છે અને આ દરજ્જો 'કવ્વામ'[1] નો છે. પરંતુ દરજ્જાની આ શ્રેષ્ઠતા પુરુષના પ્રાકૃતિક શારીરિક ઢાંચા અને સ્વભાવ અનુસાર છે અને તેના વગર પારિવારિક જીવનમાં

૧. અર્થાત્ તે માણસ જે કોઈ વ્યક્તિ કે સંસ્થા કે વ્યવસ્થાના મામલાઓને સારી રીતે ચલાવવા, તેની સુરક્ષા અને દેખરેખ રાખવા અને તેની જરૂરતોને પૂરી કરવાનો જવાબદાર હોય.

ન કોઈ અનુશાસન પેદા થઈ શકે છે અને ન નૈતિક મૂલ્યોની સુરક્ષા સંભવ છે. આ જ કારણસર ઈસ્લામે તલાકનો અધિકાર પુરુષને આપ્યો છે, ન કે સ્ત્રીને. અલબત્ત, સ્ત્રીને 'ખુલા' (લગ્ન-વિચ્છેદ)નો હક્ક જરૂર આપ્યો છે. એ જ પ્રમાણે પિતાની સંપત્તિમાં છોકરાની સરખામણીમાં છોકરીનો હિસ્સો અડધો રાખ્યો છે. કેમ કે આર્થિક જવાબદારી પુરુષના શિરે મૂકવામાં આવી છે. તેણે જ પોતાના પત્ની-બાળકોના ભરણ-પોષણની વ્યવસ્થા કરવાની હોય છે. ઉપરાંત, સ્ત્રી પોતાના પતિથી 'મહેર' પણ મેળવે છે. આમ, ન્યાયનો તકાદો એ છે કે છોકરા અને છોકરીના હિસ્સામાં સમાન વહેંચણી ન કરવામાં આવે. પરંતુ આધુનિક સભ્યતા, જે ન્યાયના નામે અન્યાયની લાઠી ચલાવવા માગે છે, તે કેવી રીતે આ હકીકત સ્વીકારશે ? તે તો સમાનતાને જ સર્વસ્વ ઠેરવે છે, જ્યારે કે માનવીની પ્રકૃતિ સમાનતાના આ અંતિમવાદી દૃષ્ટિકોણથી અપરિચિત છે. પિતા અને પુત્ર માનવી હોવાની હેસિયતે ચોક્કસ સમાન છે. તેમ છતાં પિતાને પુત્ર પર શ્રેષ્ઠતા પ્રાપ્ત છે અને પુત્ર માટે જરૂરી છે કે પિતાનો આદર કરે. તેથી પુત્ર પર પિતાનું આજ્ઞાપાલન ફરજિયાત છે, પરંતુ જો સમાનતાના આ અંતિમવાદી દૃષ્ટિકોણને માની લેવામાં આવે, તો કહેવું પડશે કે પિતા-પુત્ર બંને બરાબર છે, બંનેમાં દરજ્જાનો કોઈ તફાવત નથી અને પુત્ર માટે પિતાનું આજ્ઞાપાલન કરવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી. જો એ આવશ્યક છે કે પુત્ર પિતાનું આજ્ઞાપાલન કરે, તો ન્યાય અને સમાનતાના તકાદા હેઠળ એ કેમ જરૂરી ન સમજવામાં આવે કે પિતા પણ પુત્રનું આજ્ઞાપાલન કરે ?

# મુસ્લિમ દેશોમાં પર્સનલ લૉમાં કરવામાં આવેલ ફેરફારો

જે લોકો મુસ્લિમ પર્સનલ લૉમાં આધુનિક દૃષ્ટિકોણો અને વિચારો અનુસાર ફેરફારો કરવા ચાહે છે, તેઓ મોટાભાગે તેની દલીલમાં મુસ્લિમ દેશોનું ઉદાહરણ ટાંકે છે. તેમના મતે જ્યારે મુસ્લિમ દેશોના મુસ્લિમ પર્સનલ લૉમાં ફેરફારો કરવામાં આવ્યા છે, તો શું ભારતના મુસલમાનો દુનિયાના મુસલમાનોથી નિરાળા છે, જેઓ કોઈ પરિવર્તનનું નામ લેવાનું પણ પસંદ કરતા નથી? આ વાંધાઓ ઉઠાવનાર લોકો અસલમાં પરિસ્થિતિનું સાચું ચિત્ર પ્રસ્તુત નથી કરતા અને અતિશયોક્તિની સાથે એક ખોટી છાપ ઊભી કરવાની કોશિશ કરે છે.

વાસ્તવિકતા એ છે કે મુસ્લિમ દેશોમાં મોટી સંખ્યા એ દેશોની છે, જ્યાં મુસ્લિમ પર્સનલ લૉમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો જ નથી, બલ્કે શરઈ કાનૂનો જ લાગુ છે અને તેનું જ અમલીકરણ થઈ રહ્યું છે. સાઉદી અરબ, યમન, બહેરીન, કુવૈત, કતર, અબૂધાબી, દુબઈ, અફઘાનિસ્તાન, માલદીપ, ગીની, સેનેગલ, સોમાલિયા અને નાઈજિરિયા તેના ઉદાહરણો છે. આ દેશોમાંથી કોઈ દેશમાં હમ્બલી ફિક્હ (હમ્બલી ધર્મશાસ્ત્ર) લાગુ છે, તો કોઈ દેશમાં માલિકી ફિક્હ, ક્યાંક હનફી ફિક્હને કાનૂનનો દરજ્જો પ્રાપ્ત છે, તો ક્યાંક શાફઈને. સાઉદી અરબમાં હમ્બલી ફિક્હને કાનૂનનો દરજ્જો પ્રાપ્ત છે, બલ્કે ત્યાં બંધારણીય નિર્દેશો અનુસાર એ જરૂરી છે કે કોઈપણ પ્રકારના કાનૂન ઘડતર કિતાબ (કુર્આન-મજીદ) અને સુન્નત (પયગંબર હઝરત મુહમ્મદ ﷺ ના કથનો અને આચરણ) તથા સહાબાએ કિરામ રદિ.ના આચરણ અનુસાર થવું જોઈએ. યમનમાં ઝૈદી ફિક્હ અમલમાં છે. દક્ષિણ યમનમાં શાફઈ અથવા હનફી કાનૂનનું અનુસરણ કરવામાં આવી રહ્યું છે. બહેરીનમાં માલિકી, શાફઈ અને શીઆ ફિક્હનો અમલ સંબંધિત લોકો પર કરવામાં આવે છે. કુવૈતમાં ઈસ્લામનો કૌટુંબિક કાનૂન લાગુ છે અને સામાન્ય રીતે માલિકી ફિક્હ પ્રચલિત છે.[1] અફઘાનિસ્તાનના બંધારણ અનુસાર ત્યાંનો

૧. જૂઓ : Family Law Reform in the Muslim World by Tahir Mahmood, P. 3

સરકારી ધર્મ ઇસ્લામ છે અને તમામ ધાર્મિક બાબતો હનફી ફિક્હ અનુસાર પૂરી કરવામાં આવે છે. પ્રચલિત ઇસ્લામી કાનૂનમાં ત્યાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. માલદીપમાં કૌટુંબિક કાનૂન શાફઈ મસ્લક (પંથ)નો લાગુ છે. આફ્રિકી દેશો ચાડ, ગામ્બિયા, ગીની, માલી, મોરિટેનિયા, નાઇજર, સેનેગલ અને સોમાલિયામાં ઇસ્લામના કૌટુંબિક કાનૂનોમાં ફેરફારનું હજુ સુધી કોઈ પગલું લેવામાં આવ્યું નથી. નાઇજિરિયામાં હનફી ફિક્હને કૌટુંબિક અને વારસાના કાનૂનનો દરજ્જો પ્રાપ્ત છે.

જે મુસ્લિમ દેશોએ કૌટુંબિક કાનૂનોમાં સુધારાઓ કર્યા છે, તેમાં મોટાભાગના સુધારાઓનું સ્વરૂપ એ છે કે કાં તો જુદા-જુદા ફિક્હી મસ્લકો (પંથો)માંથી કોઈ મસ્લકની વાતને કાનૂની હેસિયત આપી દેવામાં આવી છે અથવા કેટલીક વિગતોને નીતિ-નિયમ અને કાયદાનું રૂપ આપી દેવામાં આવ્યું છે, જેમાંથી કેટલાય કાયદાઓ તો કેવળ વહીવટી પ્રકારના છે. ફક્ત બે મુસ્લિમ દેશો એવા છે, જ્યાં ઇસ્લામના કૌટુંબિક કાનૂનોને સમાપ્ત કરીને સેક્યુલર પ્રકારનો સિવિલ કોડ લાગુ કરવાની હિંમત કરવામાં આવી છે. આ બે દેશો તુર્કી અને અલ્બાનિયા છે. તુર્કીમાં આ પરિવર્તન ઈ. ૧૯૨૬ માં કરવામાં આવ્યું, જ્યારે કે ઇસ્લામના કૌટુંબિક અને વારસાના કાનૂનથી હટીને સ્વિટ્ઝરલેન્ડના સિવિલ કૉડને લાગુ કરી દેવામાં આવ્યો. પરંતુ તુર્કી વિશે કોણ નથી જાણતું કે ત્યાં મુસ્તફા કમાલના શાસનકાળમાં ઇસ્લામની છબીને કેવી રીતે વિકૃત કરવામાં આવી અને કેટલા અત્યાચાર અને અતિરેકની સાથે રાજ્યની રચના અનિશ્વરવાદના પાયા પર કરવામાં આવી; ત્યાં સુધી કે અરબી ભાષામાં અઝાન આપવા સુદ્ધાની મનાઈ કરી દેવામાં આવી હતી. તેથી આવા દેશોનું ઉદાહરણ રજૂ કરવાથી મુસ્લિમ પર્સનલ લૉમાં પરિવર્તન માટે દલીલ ઊભી થતી નથી અને પછી, એ હકીકતને પણ ભૂલી શકાય તેમ નથી કે જો કોઈ મુસ્લિમ દેશ શરીઅતના હેતુ વિરુદ્ધ મુસ્લિમ પર્સનલ લૉમાં કોઈ ફેરફાર કરી દે અથવા તેને સમાપ્ત કરીને કોઈ બિનઇસ્લામી કૉડને લાગુ કરે, તો ન તો શરઈ હેસિયતે તેને તેનો અધિકાર છે અને ન તેનાથી બીજા દેશોના મુસલમાનો માટે કોઈ અનુકરણીય નમૂનો સ્થાપિત થાય છે. ઉપરાંત, જો તુર્કીનું ઉદાહરણ આપવામાં આવી રહ્યું છે, તો એ દેશોનું ઉદાહરણ કેમ આપવામાં નથી આવતું, જેમણે ઇસ્લામના કૌટુંબિક અને વારસાના કાનૂનોમાં કોઈપણ પ્રકારનું પરિવર્તન નથી કર્યું. આવા દેશોનો અમે ઉપર ઉલ્લેખ કરી ચૂક્યા છીએ અને જે માત્ર એક-બે નહીં, બલ્કે તેમની સંખ્યા ઘણી છે.

ઇસ્લામના કૌટુંબિક અને વારસાના કાનૂનોને સમાપ્ત કરવાની હિંમત તો અત્યાર સુધી ઇઝરાઈલની સરકાર પણ કરી શકી નથી. તુર્કોએ ઈ. ૧૯૧૭ માં બનાવેલ કૌટુંબિક કાનૂન (Ottoman Law of Family Rights 1917), જે શરીઅતના પ્રકાશમાં તૈયાર કરવામાં આવ્યો હતો અને જેને પાછળથી તુર્કીની સરકારે ઈ. ૧૯૨૬ માં સમાપ્ત કરી

દીધો હતો, હજુ સુધી ઇઝરાઈલમાં મુસલમાનો માટે અમલમાં છે, જો કે ઇઝરાઈલની સરકારે તેને સામાન્ય રાષ્ટ્રીય કાનૂન અંતર્ગત રાખ્યો છે.

બાકી રહ્યું પાકિસ્તાનનું ઉદાહરણ, જેને પરિવર્તનના સમર્થકો ખૂબ જોરશોરથી પ્રસ્તુત કરે છે, તો વાસ્તવિકતા એ છે કે પાકિસ્તાનમાં પણ હવે મુસ્લિમ પર્સનલ લૉ જ લાગુ છે, ન કે સેક્યુલર સિવિલ કૉડ. અલબત્ત, ઈ. ૧૯૬૧ ના કૌટુંબિક કાનૂન દ્વારા કેટલાક 'સુધારાઓ' કરવામાં આવ્યા છે. આ 'સુધારાઓ'નું સ્વરૂપ પણ મોટાભાગે વહીવટી છે અથવા અમુકને નિયમો અને કાયદાઓનું રૂપ આપી દેવામાં આવ્યું છે.

મોટા-મોટા 'સુધારાઓ'માંથી એક એ છે કે દરેક લગ્નને રજિસ્ટર્ડ કરાવવું આવશ્યક કરવામાં આવ્યું છે, પરંતુ આવું ન કરવાથી લગ્ન કાનૂન અનુસાર ગેરકાયદેસર કે અવૈધ નહીં થાય, બલ્કે આવું ન કરવા માટે કંઈક સજા નક્કી કરવામાં આવી છે. બીજો 'સુધારો' એ છે કે એક પત્નીની હયાતીમાં બીજા લગ્ન માટે આર્બિટ્રેશન કાઉન્સિલ (Arbitration Council, પંચ)થી પરવાનગી મેળવવી જરૂરી છે, પરંતુ આવું ન કરવા માટે કંઈક સજા પ્રસ્તાવિત કરવામાં આવી છે, ન કે બીજા લગ્નને અવૈધ ઠરાવવામાં આવ્યું છે. આનાથી સ્પષ્ટ છે કે એકથી વધારે લગ્નો પર સંપૂર્ણપણે પાબંદી મૂકવામાં નથી આવી. ત્રીજો 'સુધારો' એ છે કે તલાકના સંદર્ભમાં પુરુષ પર અનિવાર્ય કરી દેવામાં આવ્યું છે કે તે આર્બિટ્રેશન કાઉન્સિલને તેની માહિતી આપે. આ કાઉન્સિલ પતિ અને પત્ની દરમ્યાન સમાધાનનો પ્રયાસ કરશે. આનાથી સ્પષ્ટ છે કે આ કાનૂને પુરુષની પાસેથી તલાકનો અધિકાર છીનવી નથી લીધો, બલ્કે એક નિયમ દ્વારા સમાધાનની એક તક ઉપલબ્ધ કરી દેવામાં આવી છે. ચોથો 'સુધારો' વારસાના અનુસંધાનમાં કરવામાં આવ્યો છે અને તે એ છે કે અનાથ પૌત્રો અને અનાથ પ્રૌત્રીઓને હિસ્સો અપાવવામાં આવ્યો છે, એટલા હિસ્સાના પ્રમાણે, જેટલો તેમના પિતાના હયાત રહેવાની સ્થિતિમાં દાદાની સંપત્તિમાંથી તેમને મળતો. આ 'સુધારાઓ' પર શરઈ દષ્ટિકોણથી ચર્ચા થઈ શકે છે. પરંતુ એ વાત તદ્દન સ્પષ્ટ છે કે પાકિસ્તાનમાં એવું નથી થયું કે મુસ્લિમ પર્સનલ લૉને રદ કરી દેવામાં આવ્યો હોય અને તેની જગ્યાએ બિનઇસ્લામી કૉડ લાગુ કરી દેવામાં આવ્યો હોય અને ન તો મુસ્લિમ પર્સનલ લૉમાં મોટા પ્રમાણમાં કોઈ પરિવર્તન કરવામાં આવ્યું છે.

પછી, એ વાતને પણ અવગણવી ન જોઈએ કે આ પરિવર્તનોનો પાકિસ્તાનના આલિમો (ઇસ્લામી વિદ્વાનો)એ પૂરજોશ વિરોધ કર્યો હતો અને લોકોએ ભારે પ્રદર્શનો કર્યા હતા. પરંતુ ત્યાંના સરમુખત્યારોએ લોકોના મતને કોઈ વજન ન આપ્યું. સરમુખત્યારોનું આ ઉદાહરણ આપણા લોકતાંત્રિક દેશ માટે કોઈપણ રીતે દલીલ નથી બની શકતું.

વધુમાં, એ વાત પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે કે પાકિસ્તાનની સરકારે આ ફેરફારો મુસલમાનોના પર્સનલ લૉમાં કર્યા છે, જ્યારે કે મુસલમાનો ત્યાં બહુમતીમાં છે, પરંતુ શું પાકિસ્તાનની લઘુમતીઓના પર્સનલ લૉમાં હસ્તક્ષેપ કરવામાં આવ્યો છે ? જો આવું નથી તો પછી પાકિસ્તાનમાં મુસ્લિમ પર્સનલ લૉમાં કરવામાં આવેલ ફેરફારોથી ભારતના મુસ્લિમ પર્સનલ લૉમાં ફેરફારો માટે, જ્યારે કે અહીં મુસલમાનો લઘુમતીમાં છે, કેવી રીતે દલીલ મળી શકે છે ?

# સમાન સિવિલ કૉડની રૂપ-રેખા

સમાન સિવિલ કોડ બનાવવામાં, જો સરકાર સફળ થઈ ગઈ, તો તેનું કાર્ય-ક્ષેત્ર ફક્ત એકથી વધારે લગ્નોના પ્રતિબંધ સુધી સીમિત નહીં રહે, બલ્કે તેના કાર્ય-ક્ષેત્રમાં લગ્ન, ખુલા, ફસ્ખે-નિકાહ અને વારસા જેવા તમામ મામલાઓ આવી જશે અને તેના સંદર્ભમાં જે સંહિતા (Code) બનાવવામાં આવશે, તે તમામ નાગરિકો પર લાગુ કરવામાં આવશે, ચાહે તે મુસ્લિમ હોય, હિંદુ હોય, ખ્રિસ્તી હોય કે પારસી. આ કાનૂન દરેક પ્રકારના ધાર્મિક બંધનોથી સ્વતંત્ર હશે. તેથી તેનો ટકરાવ કેવળ ફુકહા (ઇસ્લામી કાયદાશાસ્ત્રીઓ)ના ઇજ્તિહાદો (સંશોધન આધારીત અભિપ્રાયો)થી જ નહીં હોય, બલ્કે તેની મારથી કુર્આન અને સુન્નતના સ્પષ્ટ આદેશો પણ નહીં બચી શકે.

સમાન સિવિલ કૉડ કયા પ્રકારના નિયમો પર આધારિત હશે, તેનો જવાબ, આમ તો તે વખતે જ મળી શકશે, જયારે અલ્લાહ ન કરે, સમાન સિવિલ કૉડ બનાવવાની નોબત આવશે. પરંતુ આ કૉડ, જે લાઈનો પર તૈયાર થશે, તે અજાણ અને અનિશ્ચિત નથી; કેમ કે તેનું ઘડતર બહુમતના આધારે થશે, જેમ કે સંસદમાં કાનૂન-ઘડતર માટે પદ્ધતિ નિર્ધારિત છે. આ રીતે વ્યવહારૂ રૂપે બહુમતી સંપ્રદાય જ તેનું ઘડતર કરશે, અને બહુમતી સંપ્રદાયની માનસિકતા વિશે સૌ જાણે છે કે તે એ જ લાઈન પર વિચારે છે, જે પશ્ચિમી સભ્યતાની લાઈન છે. જેમ કે બહુપત્નીત્વની મનાઈ હોવી જોઈએ, તલાકનો અધિકાર પુરુષને નહીં, બલ્કે અદાલતને હોવો જોઈએ, વારસાના મામલામાં છોકરા અને છોકરીનો હિસ્સો બરાબર હોવો જોઈએ વગેરે; અને એ વાત બધા જાણે જ છે કે બહુમતી સમુદાયે અમુક વર્ષો પહેલાં હિંદુ કોડ બિલ પસાર કર્યો હતો, જે હિંદુ મેરેજ એક્ટ (Hindu Marriage Act) અને હિંદુ સકસેશન એક્ટ (Hindu Succession Act)ના સ્વરૂપે અમલમાં છે. આ કાનૂનોમાં બહુમતી સમુદાયની માનસિકતા ખુલીને સામે આવી ગઈ છે. તેથી એમ કહેવું ખોટું નહીં હોય કે હિંદુ કોડના દર્પણમાં સમાન સિવિલ કોડનું પ્રતિબિંબ જોઈ શકાય છે. તેનું સમર્થન લંડન યુનિવર્સિટીમાં ઓરિએન્ટલ કાનૂનના પ્રોફેસર ડંકનના આ વિચારથી પણ થઈ શકે છે, જે તેમણે ઇન્ડિયન સિવિલ કૉડ વિશે વ્યક્ત કર્યો હતો. તેઓ લખે છે –

The Civil Code promised in Article 44 of the Constitution is like the 'Hindu Code' of which we have spoken before, a misnomer, but a convenient one. *(Religion Law and the State in India by J. Duncan, P. 546)*

''જે સિવિલ કોડનું બંધારણની કલમ-૪૪ માં વચન આપવામાં આવ્યું છે, તે હિંદુ કોડ જેવો છે, જેના વિશે અમે આનાથી અગાઉ ચર્ચા કરી ચૂક્યા છીએ; જો કે (હિંદુ કોડ) નામની રીતે ગેરસમજ ઊભી કરવાવાળો છે, પરંતુ વિષય (સિવિલ કોડ) આ જ છે.''

જ્યારે બહુમતી સમુદાયની માનસિકતા અને વિચાર-શૈલીની ખબર છે, તો તેનાથી એ આશા કેવી રીતે રાખી શકાય કે તે સમાન સિવિલ કોડ બનાવતી વખતે આનાથી તદ્દન જુદો જ નિર્ણય કરશે ! ગૌણ બાબતો અને વિગતોમાં, સંભવ છે કે કંઈક ફરક થઈ જાય, પરંતુ સૈદ્ધાંતિક નિર્ણયો એ જ હશે, જે હિંદુ કોડના સ્વરૂપમાં મોજૂદ છે. બીજા શબ્દોમાં હિંદુ કોડને થોડાઘણાં ફેરફારો સાથે સમાન સિવિલ કોડ (Uniform Civil Code)ની હેસિયત આપી દેવામાં આવશે. તેથી જરૂરી છે કે વર્તમાન હિંદુ કોડની સમીક્ષા કરીને જોવામાં આવે કે તે મુસ્લિમ પર્સનલ લૉથી કેટલે અંશે ભિન્ન અને વિરોધી છે.

હિંદુ મેરેજ એક્ટ-૧૯૫૫ (Hindu Marriage Act-1955), જેનું પ્રચલિત નામ હિંદુ કોડ છે, હેઠળ એક પત્નીની હયાતીમાં બીજા લગ્ન નહીં કરી શકાય,[૧] જ્યારે કે ઈસ્લામ ન્યાયની શરત સાથે ચાર પત્નીઓ સુધીની છૂટ આપે છે અને આ છૂટ અનેક જરૂરતોના આધારે આપવામાં આવી છે. અમુક સંજોગોમાં બીજા લગ્નની આવશ્યકતા પડે છે. જો કોઈની પત્ની હંમેશા બીમાર રહે છે અથવા તેનાથી સંતાન નથી, તો પુરુષની સામે બે ઉપાયો રહી જાય છે - એક એ કે તે તેને તલાક આપી દે અને બીજી સ્ત્રીથી લગ્ન કરી લે, અને બીજો ઉપાય એ છે કે તેને પોતાના દાંપત્યમાં રાખીને બીજા લગ્ન કરી લે. સ્પષ્ટ છે કે પહેલા ઉપાયની તુલનામાં બીજો ઉપાય વધારે સારો છે. પરંતુ જો બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકવામાં આવે તો લોકો પહેલો ઉપાય જ અપનાવવા માટે વિવશ હશે, અને સ્પષ્ટ છે કે આ સ્થિતિ સ્ત્રી માટે સારી નહીં હોય.

વિધવાઓના પ્રશ્નના ઉકેલ સંદર્ભે પણ બહુપત્નીત્વની છૂટ આપવી આવશ્યક

૧. **Any marriage between two Hindus solemnized after commencement of this Act is void, if at the date of such marriage either party had a husband or wife living; and the provisions of Section 494 and 495 of the Indian Penal Code, shall apply accordingly. (Section 17)**
**સ્પષ્ટ રહે કે બીજા લગ્ન કરવા અંગે ઇન્ડિયન પીનલ કોડમાં સાત વર્ષની કેદની સજાની ભલામણ કરવામાં આવી છે.**

છે અને સૌથી મોટી વાત એ છે કે ઇસ્લામે, જે સરાસર તકવા (ઈશનિષ્ઠા અને સંયમ) તથા પવિત્રતાનો દીન (ધર્મ) છે, પુરુષને અનુચિત અને ગેરકાયદેસર માર્ગોથી બચાવવા માટે બહુપત્નીત્વનો માર્ગ ખુલ્લો રાખ્યો છે. તેથી આ કાયદેસર માર્ગને અવરોધવા અને બંધ કરવાનું કૃત્ય ગેરકાયદેસર અને અનુચિત માર્ગને ખોલી દેવાનું કારણ બનશે અને પશ્ચિમી સભ્યતાએ આ જ સ્થિતિ ઊભી કરી દીધી છે. કાનૂની રીતે એકપત્નીત્વ પર આગ્રહ છે, પરંતુ ગેરકાનૂની રીતે જેટલી સ્ત્રીઓની સાથે 'સંબંધો' બાંધવાનો બધા માટે અવકાશ છે, બલ્કે પશ્ચિમી સભ્યતાએ લલિતા-કળા અને આર્ટ, નૃત્ય અને સંગીત વગેરે દ્વારા જાતીય અને યૌન દુરાચાર માટેના અનેક રસ્તાઓ ખોલી દીધા છે અને તે એવી ભાવનાઓમાં એવો આવેગ ઊભો કરે છે કે માણસ એક સ્ત્રી પર સંતોષ કરી જ ન શકે. પરંતુ બીજી બાજુ એકપત્નીત્વને કાનૂની રીતે લાગુ કરવા માગે છે. પશ્ચિમી સભ્યતાના આ ધ્વજવાહકોને છેવટે શું અધિકાર છે કે તેઓ બહુપત્નીત્વના કાયદેસર માર્ગને બંધ કરે.

તલાકના સંદર્ભમાં પણ હિંદુ કૉડ ઇસ્લામના તલાકના કાનૂનના તદ્દન વિરુદ્ધ છે અને આધુનિક સંસ્કૃતિથી એકરૂપ છે. તેણે તલાકનો અધિકાર પુરુષને નહીં, બલ્કે અદાલતને આપ્યો છે. જો કોઈ વ્યક્તિ પોતાની પત્નીને તલાક આપવા માગતો હોય અથવા પત્ની છુટાછેડા લેવા માગતી હોય, તો પતિ કે પત્નીએ અદાલતમાં અરજી કરવાની હોય છે. જો અદાલત કૉડમાં ઉલ્લેખિત કારણોમાંથી કોઈ કારણને આધાર બનાવીને તલાકની ડિક્રી (Decree, હુકમ) આપી દે છે, તો બંનેમાં છુટાછેડા થઈ જશે, પરંતુ અદાલત તલાકની કોઈ એવી અરજી પર વિચાર નહીં કરે, જે લગ્નના ત્રણ વર્ષના અંદર કરવામાં આવી હોય.

ઇસ્લામે પુરુષને તલાકનો અને સ્ત્રીને 'ખુલા'નો અધિકાર આપ્યો છે. હિંદુ કૉડમાં આ બંને વાતો સામેલ નથી, અર્થાત ન પુરુષને તલાક આપવાનો અધિકાર છે અને ન પત્નીને 'ખુલા' પ્રાપ્ત કરવાનો, બલ્કે બંને એ વાતના પાબંદ છે કે પોતાનો મામલો અદાલતમાં લઈ જાય. આમાં જે ખરાબી છે તે જાહેર છે. સ્ત્રી અને પુરુષના મામલાઓ હંમેશા અદાલતની સામે લઈ જવા કંઈ સારી વાત નથી અને પછી કાનૂની રીતે આરોપ સાબિત કરી બતાવવો પણ સરળ નથી હોતો. પરંતુ આ પ્રકારની કાનૂની ગૂંચવણો ઊભી કરવાનું પરિણામ કાં તો એ હશે કે પુરુષ તલાકના ચક્કરમાં પડવાને બદલે પત્નીને એમ-ને-એમ છૂટી કરી દેશે અને તેનું જીવન તંગ કરી નાખશે, અથવા તો પછી તેના ઉપર ખોટા અને ઘૃણાસ્પદ આરોપો મૂકીને મામલાને અદાલતમાં લઈ જશે, જેથી અદાલતથી પોતાની તરફેણમાં ચુકાદો મેળવી શકાય. એ જ પ્રમાણે સ્ત્રી માટે એ મુશ્કેલી ઊભી થશે કે જો તે પુરુષથી છૂટકારો મેળવવા માગે છે, તો 'ખુલા'નો સરળ

રસ્તો અપનાવી નહીં શકે, બલ્કે તેણે અદાલતના ચક્કરો કાપવા પડશે, અને જો અદાલતનો નિર્ણય તેના પક્ષમાં ન આવે, તો ફરી એ જ પતિની સાથે ગુજારો કરવાની સ્થિતિ શું હશે, જેના વિરુદ્ધ તે પોતાનો મામલો અદાલતમાં લઈ ગઈ હતી? જો દૂરગામી પરિણામોને નજરમાં રાખવામાં આવે તો વિશ્વાસથી કહી શકાય તેમ છે કે તલાકનો અધિકાર પુરુષના હાથમાંથી છીનવી લેવો અને અદાલતને સોંપી દેવો સ્ત્રી માટે લાભપ્રદ નથી હોઈ શકતું, બલ્કે તેના માટે હાનિકારક હશે.

એક પ્રશ્ન એ પણ ઊભો થાય છે કે જો તલાકનો અધિકાર પુરુષના હાથમાંથી છીનવી લેવામાં આવ્યો, પરંતુ કોઈ મુસલમાને, આમ છતાં, શરઈ પદ્ધતિ અનુસાર પોતાની પત્નીને તલાકે-બાઈન[1] આપી દીધી, તો આ સ્થિતિમાં ખરેખર શું થશે ? કાનૂન તો આ તલાકને સ્વીકારશે નહીં. જાણે કાયદેસર રીતે તલાક આપી દીધા પછી પણ તેણે તેને પોતાની પત્ની બનાવી રાખવી પડશે, જ્યારે કે શરીઅતની દૃષ્ટિએ તે તેની પત્ની નથી રહી ! એ જ પ્રમાણે જો પુરુષ એ જુએ કે તેની પત્ની બીજાની સાથે અવૈધ સંબંધો બાંધી રહી છે, પરંતુ અદાલતમાં તેનો પુરાવો ન આપી શકતો હોય અને તલાકનો અધિકાર તેનાથી છીનવી લેવામાં આવ્યો હોય, તો તે તેને પોતાની પત્ની બનાવી રાખવા માટે મજબૂર હશે. આ પરિસ્થિતિ એક મુસલમાન માટે, જેની દૃષ્ટિએ નૈતિકતા, પવિત્રતા અને શીલ જીવનની દોલત હોય છે, કેટલી પરેશાનીનું કારણ હશે ?

ભરણ-પોષણના સંદર્ભમાં હિંદુ કોડમાં કહેવામાં આવ્યું છે કે અદાલત દ્વારા પતિ-પત્ની વચ્ચે જ્યારે લગ્ન-વિચ્છેદ કરાવી દેવામાં આવશે, તો પુરુષ અને સ્ત્રી બંનેની આર્થિક સ્થિતિને સામે રાખીને અદાલત પુરુષ કે સ્ત્રી ઉપર ભરણ-પોષણની જવાબદારી ત્યાં સુધી તેના શિરે મૂકી શકે છે, જ્યાં સુધી અરજદાર બીજા લગ્ન ન કરી લે અથવા બંનેમાંથી એકનું અવસાન ન થઈ જાય. જાણે ન્યાય અને સમાનતાનો તકાદો એ ઠરાવવામાં આવ્યો કે જે પ્રમાણે પુરુષના શિરે ભરણ-પોષણની જવાબદારી નાખવામાં આવે છે, તે પ્રમાણે સ્ત્રી ઉપર પણ આ જવાબદારી નાખવામાં આવે; જો કે બંનેમાં હવે દાંપત્યનો સંબંધ બાકી રહ્યો નથી, તેમ છતાં ભરણ-પોષણની જવાબદારી બાકી રહી શકે છે ! આનો અર્થ એના સિવાય બીજો કયો હોઈ શકે છે કે તલાકને વધારે મુશ્કેલ બનાવી દેવામાં આવે, પરંતુ એ નથી વિચારવામાં આવતું કે તેનું પરિણામ શું આવશે ? આ પરિસ્થિતિમાં, જ્યારે કે પુરુષ પત્નીને રાખવા ન માગતો હોય અને તેને છોડી દેવામાં પણ અસામાન્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય, તો તે સ્ત્રીના જીવનને તંગ કરી નાખવાની અનેક યુક્તિઓ કરી શકે છે.

૧. તલાક પામેલી સ્ત્રી જ્યાં સુધી બીજા પુરુષથી લગ્ન ન કરી લે, તેનાથી સહવાસ ન થઈ જાય, તે પછી તેનાથી તલાક ન થઈ જાય, ત્યાં સુધી પહેલો પુરુષ ફરીથી તેની સાથે લગ્ન કરી શકતો નથી.

વારસાના સંદર્ભમાં હિંદુ સક્સેશન એક્ટ-૧૯૫૬ અમલમાં છે. તેને પણ સામાન્ય રીતે હિંદુ કૉડ જ કહેવામાં આવે છે અને તેનો આધાર પણ હિંદુ શાસ્ત્રો નહીં, બલ્કે આધુનિક દૃષ્ટિકોણો પર છે. આ કૉડમાં વારસાની વહેંચણી માટે જે નિયમો નક્કી કરવામાં આવ્યા છે, તેનો સાર નીચે મુજબ છે –

૧. વારસો સૌપ્રથમ પહેલા વર્ગના લોકોમાં વહેંચી નાખવામાં આવશે અને આ પહેલા વર્ગના વારસદારોમાં પુત્ર, પુત્રી, વિધવા, માતા, પૌત્ર અને પૌત્રી, જેમના પિતાનું અવસાન દાદાની હયાતીમાં થઈ ગયું હોય, સામેલ છે. તેમાંથી દરેકને સમાન હિસ્સો મળશે; અલબત્ત પૌત્રો અને પૌત્રીઓને સંયુક્ત રીતે ફક્ત એક હિસ્સો મળશે.

૨. જો પહેલા વર્ગના વારસદારો ન હોય, તો વારસો બીજા વર્ગના વારસદારોમાં વહેંચવામાં આવશે અને આમાં પહેલા વર્ગને બીજા વર્ગ પર અને બીજા વર્ગને ત્રીજા વર્ગ ઉપર પ્રાથમિકતા આપવામાં આવશે. પહેલા વર્ગમાં ફક્ત પિતા વારસદાર છે. બીજા વર્ગમાં પૌત્રીનો પુત્ર અને પુત્રી, ભાઈ અને બહેન છે. ત્રીજા વર્ગમાં નવાસાનો પુત્ર અને પુત્રી તથા નવાસીનો પુત્ર અને પુત્રી સામેલ છે. ચોથા વર્ગમાં ભત્રીજો, ભાણેજ તથા ભત્રીજી અને ભાણજી સામેલ છે. પાંચમા વર્ગમાં દાદા અને દાદી, છઠ્ઠા વર્ગમાં પિતાની વિધવા અને ભાઈની વિધવા, તથા સાતમા વર્ગમાં કાકા અને ફઈ સામેલ છે.

૩. મૃતક જો સ્ત્રી છે, તો તેની સંપત્તિ સૌપ્રથમ પુત્રો, પુત્રીઓ (પૌત્રો અને પૌત્રીઓ સહિત, જેમના પિતાનું અવસાન દાદીની હયાતીમાં થઈ ગયું હોય અને જેમનો હિસ્સો સામૂહિક રૂપે પોતાના મૃતક પિતાના હિસ્સાના બરાબર હશે) અને પતિમાં વહેંચાશે. બીજા વર્ગમાં પતિના વારસદારોમાં, ત્રીજા વર્ગમાં માતા અને પિતામાં, ચોથા વર્ગમાં પિતાના વારસદારોમાં અને છેલ્લે માતાના વારસદારોમાં વહેંચાશે.

આ વારસાનો કાનૂન, જેને થોડાઘણા અંશે ફેરફાર કરીને સમાન સિવિલ કૉડનું રૂપ આપવામાં આવશે, ઇસ્લામના વારસાના કાનૂનથી મૂળભૂત રીતે અલગ છે. ઇસ્લામે પુત્રીનો હિસ્સો પુત્રની સરખામણીએ અડધો રાખ્યો છે, જેનું કારણ અમે ઉપર બતાવી ચૂક્યા છીએ, પરંતુ આધુનિક સભ્યતાએ તથ્યો અને વાસ્તવિકતાઓની અવગણના કરીને સમાનતાનો આંધળો સિદ્ધાંત સ્થાપિત કર્યો છે, જેને અનુલક્ષીને પુરુષ અને સ્ત્રી બંનેને એક જ સ્તર પર મૂકી દેવામાં આવી રહ્યા છે અને આ જ સભ્યતાના પ્રભાવ હેઠળ હિંદુ કૉડમાં પુત્ર અને પુત્રીનો હિસ્સો બરાબર યથાવત રાખવામાં આવ્યો છે, નહિં તો હિંદુઓમાં સ્ત્રીને ભાગ આપવાનો રિવાજ જ ક્યાં હતો? જાણે એક પરાકાષ્ઠા

એ હતી અને બીજી પરાકાષ્ઠા આ છે ! પરંતુ ઇસ્લામનો માર્ગ આ બંને અંતિમવાદી વલણના દરમ્યાન સંતુલન અને ન્યાયનો છે.

ઈસ્લામે પત્નીનો હિસ્સો સંતાન ન હોવાની સ્થિતિમાં ¹/₄ અને સંતાન હોવાની સ્થિતિમાં ¹/₈ નિર્ધારિત કર્યો છે. માતાનો હિસ્સો સંતાન હોવાની સ્થિતિમાં ¹/₆ અને સંતાન ન હોવાની સ્થિતિમાં ¹/₃ નક્કી કર્યો છે. પરંતુ હિંદુ કોડમાં માતા અને વિધવા પુત્ર-પુત્રી સૌનો હિસ્સો એક સરખો છે.

ઈસ્લામે પિતાનો હિસ્સો સંતાન હોવાની સ્થિતિમાં ¹/₆ અને સંતાન ન હોવાની સ્થિતિમાં પત્ની અને માતાને આપ્યા પછી બાકી સંપત્તિનો વારસદાર પિતાને ઠેરવ્યો છે, અને તેમાંથી કોઈ હયાત ન હોય તો પિતા તમામ સંપત્તિનો વારસદાર હશે. પરંતુ હિંદુ કોડમાં પિતાને બીજા વર્ગના વારસદારોમાં મૂકવામાં આવેલ છે, જેનો અર્થ એ થયો કે પહેલા વર્ગના વારસદારો, જેમ કે પુત્ર, પુત્રી, પત્ની અને માતાની હયાતીમાં પિતાને કંઈ જ નહીં મળે. આધુનિક સભ્યાતાનો ન્યાયનો દૃષ્ટિકોણ એ છે કે માતાને હિસ્સો અનિવાર્યપણે મળવો જોઈએ, પિતાને આપવાની શું જરૂર છે !

ઈસ્લામે સૌથી નજીકના રિશ્તેદારોની હયાતીમાં બીજા રિશ્તેદારો માટે હિસ્સો નિર્ધારિત નથી કર્યો. અલબત્ત, તેમના માટે ¹/₃ ની મર્યાદા સુધી વસિયતની છૂટ રાખી છે અને અનાથ પૌત્રોના પ્રશ્નનો ઉકેલ પણ તેમાં મોજૂદ છે. પરંતુ હિંદુ કોડમાં આનો અલગ ક્રમ અપનાવવામાં આવ્યો છે અને સૌથી નજીકના રિશ્તેદારો (સંબંધીઓ)ની હયાતીમાં બીજા રિશ્તેદારોને હિસ્સો અપાવ્યો છે.

વર્તમાન હિંદુ કોડમાં, આમ તો ઈસ્લામના વારસાના કાનૂનથી ફાયદો ઉઠાવવામાં આવ્યો છે; જેમ કે પુત્રીઓને હિસ્સો અપાવવો વગેરે. પરંતુ આ કોડ ઈસ્લામના વારસાના નિયમોથી મૂળભૂત રીતે અલગ છે. તેથી જો તેણે સમાન સિવિલ કોડનું સ્થાન પ્રાપ્ત કરી લીધું, તો મુસલમાનો માટે ભિન્ન-ભિન્ન પ્રકારની સમસ્યાઓ ઊભી થઈ જશે. કોઈ રિશ્તેદારને શરીઅતે નક્કી કરેલ હિસ્સાથી ઓછું મળશે અને કોઈને તેનાથી વધારે મળશે અને કોઈ તદ્દન વંચિત રહી જશે. આ સ્પષ્ટ રીતે અન્યાય અને અતિરેકની વાત હશે. જેને શરીઅતે નક્કી કરેલ હિસ્સાથી વધારે મળશે તે તેના માટે જાયઝ (વૈધ) નહીં હોય, કેમ કે તેને મળેલ સંપત્તિ બીજાના હક્કના હનન ઉપર આધારિત હશે. પરંતુ શું થઈ શકે - સમાન સિવિલ કોડના સમર્થકો મુસલમાનોને હરામ (અવૈધ) ધનદોલત ખાવા માટે મજબૂર કરવા માગે છે !

# ઇન્ડિયન સક્સેશન એક્ટ
## (ભારતીય ઉત્તરાધિકાર અધિનિયમ)

અગાઉ હિંદુ કૉડના ઉદાહરણો એટલા માટે પ્રસ્તુત કરવામાં આવ્યા હતા, જેથી સમાન સિવિલ કૉડના રૂપ-રંગ સ્પષ્ટ થઈ શકે, પરંતુ જો કોઈને એ વાતનો આગ્રહ છે કે સમાન સિવિલ કૉડને હિંદુ કૉડની જેમ માનવું સાચું નથી, તો આનાથી હટીને, ઇન્ડિયન સક્સેશન એક્ટ-૧૯૨૫ (Indian Succession Act-1925) અને સ્પેશ્યલ મેરેજ એક્ટ-૧૯૫૪ (Special Marriage Act-1954)ના દર્પણમાં પણ સમાન સિવિલ કૉડનું પ્રતિબિંબ જોઈ શકાય છે.

ઇન્ડિયન સક્સેશન એક્ટ મુસલમાન, હિંદુ,બૌદ્ધ, જૈન અને શિખ સમુદાયોને અપવાદ કરીને બાકીના તમામ નાગરિકો માટે અમલમાં છે. આ એક્ટમાં વારસાના જે નિયમોનું વર્ણન કરવામાં આવ્યું છે, તેનો સાર નીચે મુજબ છે –

૧. વસિયત ઉપર કોઈ પાબંદી નથી. કોઈપણ વ્યક્તિ પોતાની તમામ સંપત્તિ માટે વસિયત કરી શકે છે. (સેક્શન-૫૯)

૨. જો મૃતકે વસિયત નથી કરી અને તેના પાછળ સંતાન અને વિધવા છે, તો તેની વિધવાને $^1/_3$ અને સંતાનને $^1/_2$ મળશે. (સેક્શન-૩૩ અને ૪૩)

૩. જો તેને સંતાન નથી, તો વિધવાને $^1/_2$ મળશે અને બાકીનો હિસ્સો બીજા રિશ્તેદારોને મળશે.

૪. જો તેની વિધવા નથી, તો તમામ સંપત્તિ તેના સંતાનોમાં વહેંચવામાં આવશે, અને સંતાન ન હોવાની સ્થિતિમાં બીજા રિશ્તેદારોમાં અને જો બીજા રિશ્તેદારો પણ હયાત ન હોય તો તેની વારસદાર સરકાર હશે.

૫. પતિને એટલો જ હિસ્સો મળશે, જેટલો પતિની સંપત્તિમાં વિધવાને મળે છે.

૬. સંતાનો દરમ્યાન હિસ્સો સમાન રૂપે વહેંચવામાં આવશે, અર્થાત પુત્રી અને પુત્રનો હિસ્સો એક સરખો હશે.

૭. સંતાનોમાંથી કોઈ મૃતક છે, તો તેનો હિસ્સો કાઢવામાં આવશે અને તે પૌત્રો અને પૌત્રીઓને મળશે.

૮. જો મૃતકને સંતાન નથી, તો વિધવાનો હિસ્સો કાઢ્યા પછી સંપત્તિની વહેંચણી આ પ્રમાણે થશે :

— જો પિતા હયાત છે તો તે તમામ સંપત્તિનો વારસદાર હશે.

— જો પિતા હયાત નથી, તો માતા, ભાઈ અને બહેનની વચ્ચે સંપત્તિ એક સરખા ભાગમાં વહેંચવામાં આવશે.

આ એક્ટ પણ ઈસ્લામના વારસાના નિયમોથી મૂળભૂત રીતે અલગ છે. ઈસ્લામે વસિયતનો હક્ક કેવળ ૧/૩ ની મર્યાદા સુધી આપ્યો છે, પરંતુ આ એક્ટ તમામ સંપત્તિની વસિયત કરવાનો હક્ક આપે છે. ઈસ્લામે પુત્રીનો હિસ્સો પુત્રની સરખામણીમાં અડધો નિશ્ચિત કર્યો છે, પરંતુ આ એક્ટે બંનેનો હિસ્સો એક સરખો રાખ્યો છે. ઈસ્લામે પત્નીનો હિસ્સો સંતાનો હયાત હોવાની સ્થિતિમાં ૧/૮ અને સંતાન ન હોવાથી સ્થિતિમાં ૧/૪ નિર્ધારિત કર્યો છે, પરંતુ આ એક્ટમાં પત્નીનો હિસ્સો ૧/૩ અને સંતાન ન હોવાની સ્થિતિમાં ૧/૨ નક્કી કર્યો છે. એ જ પ્રમાણે પતિ માટે પણ ૧/૩ અને સંતાન ન હોવાની સ્થિતિમાં ૧/૨ નક્કી કર્યો છે; જ્યારે કે ઈસ્લામના વારસાના નિયમોમાં પતિનો હિસ્સો સંતાન ન હોવાની સ્થિતિમાં ૧/૪ અને સંતાન હયાત હોવાની સ્થિતિમાં ૧/૨ નક્કી કર્યો છે.

ઈસ્લામે સંતાન હયાત હોવાની સ્થિતિમાં પણ માતા-પિતાનો હિસ્સો નિશ્ચિત કર્યો છે, પરંતુ આ એક્ટ સંતાન હયાત હોવાની સ્થિતિમાં માતા-પિતાને વારસાથી વંચિત કરી દે છે.

આ ઉદાહરણોથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે જો ઇન્ડિયન સક્સેશન એક્ટ-૧૯૨૫ એ સમાન સિવિલ કોડની જગ્યા લઈ લીધી, તો મુસલમાનોની આખી વારસાની વ્યવસ્થા જ બદલાઈ જશે અને એક એવો કાનૂન તેમના ઉપર થોપાઈ જશે, જે શરીઅતથી મૂળભૂત રીતે વિરોધી છે અને વાસ્તવમાં ન્યાય અને સમાનતાની વિરુદ્ધ પણ છે.

# સ્પેશ્યલ મેરેજ એક્ટ
## (વિશેષ લગ્ન અધિનિયમ)

સ્પેશ્યલ મેરેજ એક્ટ-૧૯૫૪ (Special Marriage Act-1954) અન્વયે કોઈપણ પુરુષ અને સ્ત્રી લગ્ન કરી શકે છે, શરત એ છે કે તે મેરેજ-ઓફિસરની સામે એ વાતની જાહેરાત કરે કે તેઓ આ એક્ટ હેઠળ લગ્ન કરી રહ્યા છે અને આ જાહેરાત સ્પષ્ટ લેખિત રૂપમાં હોય.

આ એક્ટની મુખ્ય બાબતો, જે શરીઅતના કાનૂનના વિરુદ્ધ છે, નીચે મુજબ છે —

૧. એક પત્નીની હયાતીમાં બીજું લગ્ન કરવું ગુનો છે, જેની સજા સાત વર્ષની કેદ છે.

૨. કાકાના પુત્ર, ફઈના પુત્ર, માસીના પુત્ર અને મામાના પુત્રથી લગ્ન કરવું મનાઈ છે.

૩. તલાકનો અધિકાર માત્ર ન્યાયાલયને છે. પુરુષ કે સ્ત્રી, જે પણ લતાક આપવા માગતું હોય, એ કારણોમાંથી કોઈ કારણ/કારણોને જે એક્ટમાં દર્શાવેલ છે, તેને આધાર બનાવીને તલાકની અરજી ન્યાયાલયને આપી શકે છે, અને જો ન્યાયાલય નિવેદનથી સંતુષ્ટ થઈ જાય છે, તો પતિ અને પત્ની વચ્ચે વિચ્છેદ કરી નાખશે.

૪. જો સ્ત્રી અને પુરુષ બંને છુટાછેડા ઇચ્છે છે, તો પણ તેમણે ન્યાયાલયથી જ તલાક મેળવવી પડશે.

૫. તલાકની કોઈપણ અરજી લગ્ન પછીના ત્રણ વર્ષ પસાર થઈ ગયા પહેલા રજૂ કરી શકાતી નથી.

૬. ન્યાયાલય દ્વારા લગ્ન-વિચ્છેદની સ્થિતિમાં જ્યાં સુધી એક વર્ષ પસાર ન થઈ જાય, કોઈ પક્ષકાર ફરીથી લગ્ન નથી કરી શકતો.

૭. ન્યાયાલય દ્વારા લગ્ન-વિચ્છેદની સ્થિતિમાં પુરુષે સ્ત્રીનું ભરણ-પોષણ ત્યાં સુધી આપવું પડશે, જ્યાં સુધી કે સ્ત્રી બીજા લગ્ન ન કરી લે અથવા તેનું મૃત્યુ નથી થઈ જતું.

૮. જે વ્યક્તિ આ એક્ટ હેઠળ લગ્ન કરશે, વારસાના સંદર્ભમાં તેની સંપત્તિ પર ઇન્ડિયન સક્સેશન એક્ટ-૧૯૨૫ લાગુ થશે.

# મુસલમાનોનો દૃષ્ટિકોણ

હિંદુ કોડ, ઇન્ડિયન સક્સેશન એક્ટ અને સ્પેશ્યલ મેરેજ એક્ટની જે સંક્ષિપ્ત સમીક્ષા કરવામાં આવી છે, તેનાથી કેટલીક વાતો સ્પષ્ટ થાય છે. એક એ કે ત્રણેય એક્ટ, જે માનસિકતાની ઉપજ છે, સમાન સિવિલ કોડ પણ એ જ માનસિકતાની ઉપજ હશે. બીજી વાત એ કે જે માનસિકતાએ એકી સાથે ત્રણ-ત્રણ કાનૂનોનું ઘડતર કર્યું હોય, તે ખૂબ નિર્લજ્જતાથી એક ચોથો કાનૂન પણ સમાન સિવિલ કોડના નામથી ઘડી શકે છે. ત્રીજી એ કે પારિવારિક મામલાઓના સંદર્ભમાં બહુમતી સમુદાયનો વિચારવાનો ઢંગ એ જ છે, જેનો પાઠ આધુનિક સભ્યતાએ ભણાવ્યો છે. ચોથી એ કે ઉપરોલ્લેખિત કાનૂનોમાં આધુનિક દૃષ્ટિકોણો અને વલણો કાર્યરત છે અને છેલ્લી વાત એ છે કે આ તથ્યો અને હકીકતો હોવા છતાં સમાન સિવિલ કોડના સ્વરૂપ વિશે અનુમાન કરવું મુશ્કેલ નથી કે તેના રૂપ-રંગ અને માળખું તદ્દન સ્પષ્ટ છે અને ઉપરના ત્રણેય કાનૂનોને પ્રતિબિંબિત કરે છે.

આ પછી કોઈ મુસલમાન, જે ઇસ્લામને અલ્લાહત્આલાએ અવતિરત કરેલ દીન (ધર્મ) માનતો હોય અને મુસ્લિમ પર્સનલ લૉને શરીઅતનો મહત્ત્વનો ભાગ સ્વીકારતો હોય, મુસ્લિમ પર્સનલ લૉનો વિરોધી અને સમાન સિવિલ કોડનો હિમાયતી કેવી રીતે હોઈ શકે છે ? તે મુસ્લિમ પર્સનલ લૉમાં કોઈપણ એવા ફેરફારનું પણ સમર્થન નથી કરી શકતો, જે કુર્આન અને સુન્નતના હેતુથી વિરુદ્ધ, માત્ર આધુનિક સભ્યતાના તકાદાઓને પૂરા કરવાના આશયથી કરવામાં આવે.

અલ્લાહનો આભાર છે કે આ સંદર્ભમાં મુસ્લિમ જનમત ખૂબ જાગૃત છે અને તે મુસ્લિમ પર્સનલ લૉમાં કોઈપણ એવા પરિવર્તનને સહન કરવા માટે તૈયાર નથી અને વધારે આભાર એ વાતનો છે કે મુસ્લિમ મહિલાઓ, જેમના વિશે મુસ્લિમ પર્સનલ લૉના વિરોધીઓ એ છાપ ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા કે તેઓ શરીઅતના કાનૂનોથી તંગ આવી ગઈ છે અને તેનાથી ઘૃણા કરે છે, તેઓ મુસ્લિમ પર્સનલ લૉની સુરક્ષા માટે મેદાનમાં આવી ગઈ છે. આમ, તેમણે મુંબઈ, નાગપુર, નાંદેડ, પરભણી,

હૈદરાબાદ, પૂના, અહમદાબાદ, લખનઉ, ઇલાહાબાદ, બેંગ્લોર, કોલકાતા અને કાનપુરમાં મોટા-મોટા અધિવેશનો આયોજિત કરીને અને હજારોની સંખ્યામાં ભાગ લઈને મુસ્લિમ પર્સનલ લૉની હિમાયતમાં પૂરજોશ અવાજ ઉઠાવ્યો છે અને ખુલ્લંખુલ્લા ઈમાનને ગરમાવી દે એવી ઘોષણા કરી દીધી છે કે શરીઅતના કાનૂનોથી તે સંપૂર્ણપણે સંતુષ્ટ છે અને તે તેમના માટે બધી રીતે પર્યાપ્ત છે.

મુસ્લિમ પર્સનલ લૉના આ મહત્ત્વ અને તેની દીની હેસિયત, ઉપરાંત તેના સમર્થનમાં મુસલમાનોના જનમતને જોતાં તેને સમાપ્ત કરવા કે નિરસ્ત કરવા કે તેમાં પરિવર્તન કરવાની માગણી, જે વર્ગ કે સમૂહ તરફથી હોય, સાચી નથી હોઈ શકતી. મુસલમાનોના તો કોઈ વર્ગને આ પ્રકારની માગણી શોભતી નથી. રહ્યા બિનમુસ્લિમો, તો તેઓ પણ જો મુસલમાનોની સમસ્યાઓ અને તેમની મુશ્કેલીઓને સમજવાની કોશિશ કરશે, તો મુસલમાનોની સાથે ઉદારતાનો વ્યવહાર કરવા તૈયાર થઈ જશે, અને મુસ્લિમ પર્સનલ લૉના સંદર્ભમાં મુસલમાનોના દૃષ્ટિકોણ વિશે કોઈ ગેરસમજ કે ભ્રમણામાં નહીં પડે, બલ્કે તેને તેમનું ધાર્મિક દાયિત્વ સમજશે. એ જ પ્રમાણે સરકારે પણ મુસલમાનોના દૃષ્ટિકોણને બરાબર સમજવાનો પ્રયાસ કરવો જોઈએ અને મુસ્લિમ પર્સનલ લૉના સંદર્ભમાં કોઈ એવું પગલું ન ઉઠાવવું જોઈએ, જે દીનમાં હસ્તક્ષેપ સમાન હોય, બલ્કે વધારેમાં વધારે ધાર્મિક અને સાંસ્કૃતિક સ્વતંત્રતા આપીને લોકશાહી વધારે મજબૂત બને તેવી કોશિશ કરવી જોઈએ.

# સુધારણાની સાચી રીત

એ વાતનો ઇન્કાર કરી શકાય તેમ નથી કે મુસ્લિમ સમાજ ધાર્મિક રીતે જે અધઃપતનનો ભોગ બનેલો છે, તેના પરિણામે તેના સામાજિક જીવનમાં પણ વિભિન્ન પ્રકારની ખરાબીઓએ જન્મ લઈ લીધો છે. ન પુરુષ સ્ત્રીઓના હક્કો બરાબર અદા કરે છે અને ન સ્ત્રીઓ પુરુષોના અધિકારો બરાબર અદા કરે છે. 'કવ્વામ' હોવાની હેસિયતે પુરુષને ઇસ્લામે જે અધિકારો આપ્યા છે, તેનો દુરુપયોગ પણ કરવામાં આવી રહ્યો છે. પરંતુ તેની કોઈ જવાબદારી ઇસ્લામ અને શરીઅત ઉપર નથી આવતી, બલ્કે તેની તમામ જવાબદારી સમાજના લોકો પર હોય છે, કેમ કે આ પરિસ્થિતિ વાસ્તવમાં ઇસ્લામની શિક્ષાઓ અનુસાર અમલ ન કરવાનું પરિણામ છે. તેથી આનો આવો ઊલ્ટો ઇલાજ કરવો સાચું નથી હોઈ શકતું કે આ બગાડની જવાબદારી શરીઅતના કાનૂનો પર નાખીને બિનશરઈ કાનૂનોને સુધારણાનું સાધન બનાવવામાં આવે. છેવટે મુસલમાનોના જીવનનું કયું ક્ષેત્ર એવું છે, જેમાં બગાડ જોવા નથી મળતો. જો પ્રત્યેક બગાડની જવાબદારી આ જ પ્રમાણે શરઈ આદેશો પર નાખવામાં આવશે, તો પછી ઇસ્લામથી હાથ ધોઈ નાખવા પડશે અને દરેક રોગનો ઇલાજ આધુનિક સભ્યતાની અંદર શોધવો પડશે. ઇસ્લામ અંગે આવી ભ્રમણા અને ગેરસમજ અને આધુનિક સભ્યતા વિશે આવો સારો ખ્યાલ હળાહળ ઝેરને અમૃત સમજવા જેવું નથી તો પછી બીજું શું છે ?

વાસ્તવમાં સમાજની સુધારણા માટે લોકોમાં ખુદાતરસી (ઈશનિષ્ઠા)ની ભાવના ઉત્પન્ન કરવા ઇસ્લામની શિક્ષાઓથી તેમને માહિતગાર કરવા, તેમની નૈતિક ચેતનાને જગાવવા અને જીવન-ધ્યેય અંગે તેમને જાગૃત કરવાની જરૂર છે, જેથી ઇસ્લામને તેઓ જીવન-વ્યવસ્થાની હેસિયતે અપનાવી શકે અને જીવનના દરેક વિભાગમાં તેનું સારી રીતે અનુસરણ કરી શકે. પરંતુ તેની સાથે એ જરૂરતથી પણ ઇન્કાર કરી શકાય તેમ નથી કે સમાજની વર્તમાન હાલતને જોતાં એ વાતની સમીક્ષા કરવામાં આવે કે શરીઅતના કાનૂનો પર ક્યાં સુધી અમલ કરવામાં આવી રહ્યો છે અને વિશેષતઃ સ્ત્રીઓને જે સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે, તેને જોતાં તલાક, ખુલા વગેરે સમસ્યાઓ પર વિચાર કરવામાં આવે અને એવા ઉપાયો દર્શાવવામાં આવે, જેનાથી તેમની મુશ્કેલીઓ દૂર

થઈ શકે. જો સંજોગોને ધ્યાનમાં રાખીને શરીઅતના હેતુને પૂરો કરવા માટે કુર્આન અને સુન્નતની હદોમાં રહીને ઊભી થતી સમસ્યાઓ અને મામલાઓનો ઉકેલ શોધવામાં આવે છે અને તે અનુસાર નીતિ-નિયમો બનાવવામાં આવે છે, તો ઇસ્લામમાં તેનો અવકાશ ચોક્કસ મોજૂદ છે. પરંતુ આ કામ દરેક વ્યક્તિ કરી શકે તેવું નથી, અને ન એ લોકોનું છે, જેઓ નવીન સભ્યતાથી પ્રભાવિત છે અને જેમના મનો-મસ્તિષ્ક પર રાજકીય હિતો અને સ્વાર્થોનું વર્ચસ્વ છે. આવા લોકો જો ઇજ્તિહાદ કરવા માટે બેસી ગયા, તો શરીઅતની છબી જ વિકૃત કરીને મૂકી દેશે; બલ્કે આ કામ એ લોકોએ કરવાનું છે, જેઓ દીનનું વ્યાપક જ્ઞાન ધરાવે છે અને તેની ઊંડી સમજ-બૂઝ રાખે છે, સદાચાર અને તકવા (સંયમ)નું જીવન વિતાવે છે અને વર્તમાન પરિસ્થિતિ પર પણ તેમની નજર છે. અલ્લાહની કૃપા અને દયાથી આવા મહાનુભાવો તેના તરફ ધ્યાન આપી રહ્યા છે અને સામૂહિક રૂપે આ લાઈન પર વિચાર-વિમર્શ કરવાનું શરૂ કરી દીધું છે. આશા છે કે આ રીતે ઊભી થતી સમસ્યાઓ અને મામલાઓના ઉકેલની સાચી રીતો અને ઉચિત ઉપાયો સામે આવી શકશે.